મહેસાણા, અમદાવાદ, ગાંધીનગર, સુરત, પાટણ, બનાસકાંઠા, સાબરકાંઠા, અરવલ્લીમાં બહોળો ફેલાવો ધરાવતું એકમાત્ર નિષ્પક્ષ અખબાર

સત્ય એના પૂર્ણ સ્વરૂપમાં...

# ગરવી તાકાત

GARVI TAKAT DAILY દૈનિક

તંત્રી : પ્રકાશ આર. ચૌધરી

૧૯-૦૧-૨૦૨૫
રવિવાર

વર્ષ : ૧૦ ★ અંક નં : ૨૮૮
પેજ : ૪ ★ વિક્રમ સંવત : ૨૦૮૧

ગરવી તાકાત
હવે આંગણીના ટેરવે
તમારા ગામ કે શહેરના સમાચાર વાંચો એક આંગણીના ટેરવે
પ્લે સ્ટોરમાંથી ડાઉનલોડ કરો અને મેળવો તમારા ગામના કે શહેરના લેટેસ્ટ સમાચાર તથા ઈ-પેપર તમારા મોબાઈલમાં
Garvi Takat app

કાર્યાલય : ૯,અંબિકા કોમ્પ્લેક્ષ, ટી.બી. રોડ, ભમરિયાનાળા પાસે, મહેસાણા-૨ ● ફોન : ૦૨૭૬૨ ૨૪૨૨૦૧ ● મો : ૯૨૨૭૧ ૧૩૫૫૫ ● કિંમત રૂા.૩-૦૦ ● Email : garvitakat1511@gmail.com ● www : garvitakat.com •• RNI No. GUJGUJ/2015/61367

### નાના-મોટા શહેરોમાં જરૂરિયાત પ્રમાણે અલગ ટ્રાફિક કેડર ઊભી કરી શકાય કે કેમ તેનો એક અહેવાલ રાજ્ય ટ્રાફિક બ્રાન્ચ સાથે મસલત કરીને રજૂ કરવા ચીફ જસ્ટિસ દ્વારા આદેશ

# શહેરમાં ટ્રાફિકની સમસ્યાને પહોંચવા માટે અલગ ટ્રાફિક ફોર્સ બનાવવા માટે સરકારને હાઇકોર્ટનું સૂચનઃ હેલ્મેટ પહેરવાનો નિયમ કડક બનાવો

(ગરવી તાકાત) મહેસાણા તા.૧૮

ગુજરાત હાઈકોર્ટે એક મહત્વનું સૂચન કરતા રાજ્યમાં અલગ ટ્રાફિક ફોર્સ એટલે કે ટ્રાફિક પોલીસની એક અલગ જ પ્રકારની શાખા ઉભી કરવા માટે રાજ્ય સરકારને સૂચન કરેલું છે.

આ બાબતે શક્યતાઓ કેવી છે અને નાના મોટા શહેરોની વસ્તી પ્રમાણે કેવી રીતે અલગ ટ્રાફિક બ્રિગેડ ઊભી કરી શકાય તેનો એક અહેવાલ રાજ્ય ટ્રાફિક બ્રાન્ચના સાથે મતલબ કરીને તૈયાર કરીને રજૂ કરવા આદેશ કર્યો છે.

એટલું જ નહીં હેલ્મેટના નિયમોનો અમલ થયો છે કે, નહીં તે બાબતે પણ હાઈકોર્ટે આદેશ આપ્યો છે. વળી ખુદ હાઈકોર્ટે પણ પોતાના કર્મચારીઓ અને અધિકારીઓ કે જેઓ ટુ-વ્હીલર ઉપર આવે છે તેમના માટે હેલ્મેટ પહેરવાનો નિયમ ફરજિયાત બનાયો હોવાથી તેનો પણ અમલ થાય છે કે, નહીં તે બાબતે રજીસ્ટ્રાર જનરલને એક રિપોર્ટ સબમિટ કરવાનો આદેશ કર્યો હતો.

ઉલ્લેખનિય છે કે, હાઈકોર્ટ દ્વારા એ પરિપત્ર બહાર પાડીને પોતાના કર્મચારીઓને હેલ્મેટ પહેરવું ફરજિયાત છે. તેઓ નિયમ લાગુ કર્યો હતો. હાઈકોર્ટના આ પરિપત્ર બાદ રાજ્ય સરકારના અલગ અલગ વિભાગોએ પણ પોતાના કર્મચારીઓ



માટે આવો નિયમ લાગુ કર્યો હતો.

રાજ્યમાં અને ખાસ કરીને અમદાવાદ શહેરમાં ટ્રાફિક મેનેજમેન્ટ, તૂટેલા રસ્તાઓ અને ટ્રાફિક જામની સમસ્યાઓ બાબતે એક સુઓ મોટો પીઆઈએલ ગુજરાત હાઈકોર્ટમાં ચાલી રહી છે.

આ અરજીની સુનાવણી દરમિયાન ચીફ જસ્ટિસ દ્વારા સરકારી વકીલને પ્રશ્ન કરવામાં આવ્યો હતો કે, રાજ્યમાં ટ્રાફિક પોલીસની અલગ કેડર છે કે નહીં ત્યારે સરકારી વકીલ દ્વારા જવાબ આપવામાં આવ્યો હતો કે બિન હથિયાર ધારી પોલીસ કોન્સ્ટેબલો અને અધિકારીઓને પ્રતિનિયુક્તિ ઉપર ટ્રાફિક શાખામાં મૂકવામાં આવે છે.

આ સાંભળીને ચીફ જસ્ટિસ દ્વારા પ્રશ્ન કરવામાં આવ્યો હતો કે, શું તેઓને તાલીમ પણ આપવામાં આવે છે તો સરકારી વકીલ એ હકારમાં જવાબ આપ્યો હતો . બીજી બાજુ ગત વર્ષે ચીફ જસ્ટિસની કોર્ટ દ્વારા ટુવિલર ચાલકો માટે હેલ્મેટ ફરજિયાત પહેરવાનો નિયમ કડકાઈથી અમલમાં લાવવા માટે આદેશ કરવામાં આવ્યો હતો.

તે બાબતમાં પણ પૃચ્છા કરી હતી. આથી અદાલતે આ બાબતમાં એટલે કે, હેલ્મેટના નિયમો ટ્રાફિક મેનેજમેન્ટ અને પોલીસ રિક્રુટમેન્ટ બાબતે અન્ય પીઆઈએલ પણ થઈ હોવાથી તેમાં સરકારી તંત્ર દ્વારા રજૂ કરવામાં આવેલા સોગંધનામા સહિત તમામ કાગળો ભેગા કરી અને રજૂ કરવાનો આદેશ કર્યો હતો.

બીજી બાજુ રાજ્યમાં અલગ ટ્રાફિક બ્રિગેડ ઊભી કરવા માટે પણ શકયતાઓ છે કે, નહીં તે બાબતે અહેવાલ રજૂ કરવા હાઈકોર્ટના આદેશ કર્યો હતો. વધુમાં ટ્રાફિક પોલીસની ભરતી બાબતે કરવામાં આવેલી કાર્યવાહીનો પણ વિસ્તૃત અહેવાલ રજૂ કરવા આદેશ કર્યો હતો. આ બાબતે વધુ સુનાવણી ૧૪ ફેબ્રુઆરીના રોજ હાથ ધરવામાં આવશે.

### પોલીસે કારમાંથી રૂા.૭૨ હજારની કિંમતનો વિદેશી દારૂનો જથ્થો જપ્ત કર્યો

# ગણેશપુરા પાટિયા પાસે વિદેશી દારૂની હેરાફેરી કરતી આઈ-૨૦ કાર સાથે એક શખ્સ ઝડપાયો

(ગરવી તાકાત) મહેસાણા તા.૧૮

કડી તાલુકાના નંદાસણ પોલીસે મોડી રાત્રે ગણેશપુરા પાટિયા પાસે વિદેશી દારૂની હેરાફેરી કરતી i20 કાર સાથે એક શખ્સને ઝડપી પાડ્યો છે. પોલીસે કારમાંથી રૂ. ૭૨,૦૦૦ની કિંમતનો વિદેશી દારૂનો જથ્થો જપ્ત કર્યો છે.

નંદાસણ પોલીસ સ્ટેશનના PI સિસોદિયાને બાતમી મળી હતી કે મહેસાણાથી એક સફેદ i20 કારમાં વિદેશી દારૂનો જથ્થો છત્રાલ થઈને અમદાવાદ લઈ જવામાં આવી રહ્યો છે. આ માહિતીના આધારે પોલીસે ગણેશપુરા પાટિયા પાસે ધરતી સતી હોટલ નજીક વોચ ગોઠવી હતી.

શંકાસ્પદ કારને રોકીને તપાસ કરતા ચાલક કૃણાલ ઉર્ફે ગુડ્ડુ (રહે. નરોડા, અમદાવાદ) મળી આવ્યો હતો. કાર નંબર GJ RP ૭૧૬૫માંથી કુલ ૫૨૫ બોટલ વિદેશી દારૂ મળી આવ્યો હતો. પૂછપરછમાં આરોપીએ કબૂલ્યું કે તે



**નંદાસણ પોલીસ સ્ટેશનના PI સિસોદિયાને બાતમી મળી હતી કે મહેસાણાથી એક સફેદ i20 કારમાં વિદેશી દારૂનો જથ્થો છત્રાલ થઈને અમદાવાદ લઈ જવામાં આવી રહ્યો છે**

નરોડામાં વિદેશી દારૂનો વેપલો કરે છે અને આ જથ્થો કટોસણના બાપુ નામના શખ્સ પાસેથી લાવ્યો હતો.

પોલીસે કાર, દારૂની બોટલો સહિત કુલ રૂ. ૩,૭૫,૦૯૦નો મુદ્દામાલ જપ્ત કર્યો છે. આરોપી કૃણાલ અને બાપુ વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. ઉલ્લેખનીય છે કે પકડાયેલી કારમાં પાછળની નંબર પ્લેટ લગાવેલી ન હતી.

### સંકલન સમિતિની બેઠકમાં મહેસાણા સાંસદ હરિભાઈ પટેલની લોકહિતાર્થે રજુઆત

# અરજદારોનો સમય વેડફાય નહિ તે માટે અધિકારી રજા ઉપર હોય તો ફરજિયાત અન્યને જવાબદારી આપોઃ હરિભાઈ પટેલ

(ગરવી તાકાત) મહેસાણા તા.૧૮

મહેસાણા સાંસદ ફરી એક વખત પ્રજાના વિવિધ પ્રશ્નના નિરાકરણ માટે આગળ આવ્યા છે.રાજ્ય સરકાર અને મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલનો સરકારીતંત્ર સાચા અર્થમાં લોકાભિમુખ બને તેવો પ્રયાસ છે.રાજ્ય સરકારના આ પ્રયાસને સફળ બનાવવા તમામ નાગરિકો અને સરકારી તંત્રનું યોગદાન જરૂરી છે.મહેસાણા ખાતે આજે યોજયેલી સંકલન બેઠકમાં સાંસદ હરિભાઈ પટેલે મહેસાણા શહેર અને જિલ્લાની પ્રજાના વિવિધ પ્રશ્ન એ રજુઆત કરી ત્વરિત નિરાકરણ લાવવા તંત્રને સૂચન કર્યું હતુ.

મહેસાણા શહેરમાં નાગલપુરથી રાધનપુર ચાર રસ્તા સર્કલને જોડતા અંડરપાસની શરૂઆતમાં પડતા બે રસ્તાને કારણે



મોટો અકસ્માત સર્જાવાની શકયતા છે.તો આ સ્થળે વાહનવ્યવહાર વધુ હોવાને કારણે અનેક વખત અકસ્માતની ઘટનાઓ પણ સામે આવી છે.આ સ્થિતિના કાયમી નિરાકરણ માટે તંત્રને યોગ્ય પગલાં ભરવા સાંસદ હરિભાઈ પટેલે રજુઆત કરી હતી.એટલું જ નહીં જ્યાં સુધી કાયમી ધોરણે કોઈ સમાધાન ન મળે ત્યાં સુધી બમ્પ બનાવવાનું પણ સૂચન કર્યું હતું.સાંસદ હરિભાઈ પટેલની આ રજૂઆતને મહેસાણા ધારાસભ્ય મુકેશભાઈ પટેલે પણ સમર્થન આપી ત્વરિત ઘટતું કરવાના સૂચન કર્યા હતા.

તો સૌથી વધુ નાગરિકોને સતાવતો પ્રશ્ન એ છે કે જ્યારે કોઈ નાગરિક કચેરીમાં કામ માટે જાય અને અધિકારી રજા ઉપર હોય તો તેનું કામ થતું નથી.આ કારણે નાગરિકોનો સમય અને નાણાં વેડફાય છે.આવા સંજોગોમાં જ્યારે પણ અધિકારી રજા ઉપર હોય તેવા સંજોગોમાં ફરજિયાત બીજા અધિકારીને ચાર્જ આપી અને નાગરિકોનું કામ ન અટકે તેવી વ્યવસ્થા કરવા સૂચન કર્યું હતું.તો સાથે સાથે નાગરિકોની જે અરજીઓ અને કામ સરકારી કચેરીમાં પેન્ડિંગ હોય તે પણ ત્વરિત પૂર્ણ કરવા સૂચન કર્યું હતું.કોઈ પણ સરકારી વિભાગમાં લાંબા સમયથી કામગીરી પડતર રહે તેવા સંજોગોમાં જાહેર હિત જળવાતું નથી.આવા સંજોગોમાં તંત્ર માટે લોકોમાં ખોટી માન્યતા ઉભી થાય તે પહેલાં જ કામગીરી પૂર્ણ કરવાની બાબત ઉપર સાંસદ દ્વારા ભાર મૂકવામાં આવ્યો હતો.તમામ વિભાગો નિયત સમયમાં કામગીરી પૂર્ણ કરવાની જવાબદારી અદા કરે તે પ્રકારનું સૂચન સાંસદ દ્વારા કરવામાં આવ્યું હતું.

તો બીજી તરફ મહેસાણા શહેરને સાચા અર્થમાં મારુ મહેસાણા મનોહર મહેસાણા બનાવી શકાય તે માટે આવનારા વર્ષોમાં મહેસાણા કેવું હશે?તેની ચિંતા અત્યારથી કરવી જરૂરી હોવાનું સાંસદ દ્વારા સૂચન કરવામાં આવ્યું હતું.મહેસાણા નગરપાલિકાને તાજેતરમાં મહાનગરપાલિકાનો દરજ્જો મળ્યો છે.

તેવા સંજોગોમાં મહાનગરપાલિકાના અધિકારીઓને સાથે રાખીને બેઠકનું આયોજન કરવા માટે સૂચન કરવામાં આવ્યું હતું.આ બેઠકમાં તમામ જન પ્રતિનિધિ અને સરકારના તમામ વિભાગ ઉપસ્થિત રહે તો આગામી સમયમાં સ્વપ્નું મહેસાણા ની કલ્પનાને ખૂબ ઝડપથી સાકાર થઈ શકે તેવી સાંસદ દ્વારા રજુઆત કરવામાં આવી હતી.

મહેસાણા સાંસદ હરિભાઈ પટેલની આ રજૂઆતને પગલે વહિવટીતંત્ર દ્વારા આગામી સમયમાં વિવિધ સૂચનનું ઝડપી અમલીકરણની પણ ખાતરી આપવામાં આવી છે.

### આદર્શ વિદ્યાલય, વિસનગરનું કલા મહાકુંભમાં જિલ્લા કક્ષાએ ગૌરવ

# વડનગર તાનારીરી પરફોર્મિંગ આર્ટ્સ કોલેજ ખાતે યોજાયેલ જિલ્લા કક્ષાના કલા મહાકુંભમાં વિદ્યાર્થીનીએ પ્રથમ નંબર મેળવ્યો

(ગરવી તાકાત) મહેસાણા તા.૧૮

શ્રી અખિલ આંજણા કેળવણી મંડળ સંચાલિત આદર્શ વિદ્યાલય, વિસનગરના વિદ્યાર્થીઓએ તા-૧૧/૧/૨૦૨૫ ના રોજ વડનગર તાનારીરી પરફોર્મિંગ આર્ટ્સ કોલેજ ખાતે યોજાયેલ જિલ્લા કક્ષાના કલા મહાકુંભમાં ભાગ લીધો હતો. જેમાં ઠાકોર પાર્વતી સંતરામ સુગમ સંગીત સ્પર્ધામાં પ્રથમ નંબર, રાવળ હની ભાવિનકુમાર ચિત્રકલા સ્પર્ધામાં ત્રીજો નંબર તથા ભૂમિકા કાંતિલાલ ચૌધરી કાવ્યલેખન સ્પર્ધામાં ત્રીજો નંબર પ્રાપ્ત કરી ત્રણેય વિદ્યાર્થીનીઓએ જિલ્લા કક્ષાએ શાળાને ગૌરવ અપાવ્યું હતું.

આમ જિલ્લા કક્ષાએ શાળાનું



નામ રોશન કરી ગૌરવ વધારવા બદલ કેળવણી મંડળના પ્રમુખશ્રી તથા હોદ્દેદારશ્રીઓએ અને શાળાના આચાર્યશ્રી તથા સમગ્ર સ્ટાફ મિત્રોએ વિદ્યાર્થીનીઓને ખૂબ ખૂબ અભિનંદન પાઠવેલ.

### ખેરાલુ ખાતે જિલ્લાકક્ષાના પ્રજાસત્તાક પર્વની ઉજવણી થશે

# અધિક નિવાસી કલેક્ટર જે.કે.જેગોડાના અધ્યક્ષ સ્થાને કાર્યક્રમ આયોજનની બેઠક

(ગરવી તાકાત) મહેસાણા તા.૧૮

કલેકટર કચેરી ખાતે અધિક નિવાસી કલેકટરશ્રી જે.કે.જેગોડાના અધ્યક્ષસ્થાને તા.૨૬ જાન્યુઆરી, 'પ્રજાસત્તાક પર્વ' જિલ્લાકક્ષાની ઉજવણી સંદર્ભે બેઠક યોજાઈ હતી.

આ બેઠકમાં અધિક નિવાસી કલેકટરશ્રીએ, વિવિધ સરકારી ઈમારત પર રોશની કરવા, કાર્યક્રમ સ્થળે સાફ-સફાઈ, ફાયર, આરોગ્ય, પીવાનું પાણી, ટ્રાફિક વ્યવસ્થા, ટેબ્લો નિદર્શન સહિતના આયોજન અંગે માહિતી મેળવી જરૂરી દિશાનિર્દેશ આપ્યા હતા.

ખેરાલુ ખાતે યોજાનાર આ કાર્યક્રમમાં દેશભક્તિની થીમ સાથે વિવિધતામાં એકતાની ઝલક જોવા મળે તે રીતે વિશેષ સાંસ્કૃત્તિક કૃત્તિ પણ



ફાઈલ તસ્વીર

રજૂ થશે. આ ઉપરાંત પોલીસ વિભાગ દ્વારા પરેડ અને વિવિધ કચેરીઓ દ્વારા ટેબ્લો નિદર્શનનું પણ આયોજન કરવામાં આવ્યું છે.

આ બેઠકમાં ખેરાલુ પ્રાંત અધિકારીશ્રી સહિત વિવિધ વિભાગોના અધિકારીશ્રી/કર્મચારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

### લક્ઝરી બસે ઠોકરે લેતા બે બાઈકસવારના મોત નિપજયા

# ઉંઝા હાઈવે પર ટ્રીપલ અકસ્માત : બસ બાઈક અને કારની ટક્કર : બેના મોત

(ગરવી તાકાત) ઉંઝા,તા.૧૮

ઊંઝા તાલુકાના બ્રાહ્મણવાડા હાઈવે પર ગઈકાલે રાત્રે એક ગંભીર ત્રિપલ અકસ્માત સર્જાયો હતો, જેમાં બે યુવાનના કરુણ મોત નીપજ્યાં હતા. રાજસ્થાનથી મુંબઈ તરફ જઈ રહેલી લક્ઝરી બસ, બાઈક અને કાર વચ્ચે થયેલા આ અકસ્માતમાં બાઈક પર સવાર બે યુવાને જીવ ગુમાવ્યો હતો.

પ્રાપ્ત માહિતી અનુસાર, મૃતક યુવાનો બ્રાહ્મણવાડા વિસ્તારની આસપાસ આવેલી ખાનગી ફેક્ટરીમાં મજૂર તરીકે કામ કરતા હતા. તેઓ કામ પરથી પરત ફરી રહ્યા હતા ત્યારે, આ દુર્ઘટના સર્જાઈ હતી.અકસ્માત એટલો ભયાનક હતો કે બાઈકસવાર



બંને યુવાનનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું. સ્થાનિક પોલીસે ઘટનાસ્થળે પહોંચી તપાસ હાથ ધરી છે. જો કે, મૃતક યુવાનોની ઓળખ થઈ શકી નથી. ઊંઝા તાલુકાના બ્રાહ્મણવાડા હાઈવે પર ગઈકાલે રાત્રે એક ગંભીર ટ્રિપલ અકસ્માત સર્જાયો હતો, જેમાં બે યુવાનનાં કરુણ મોત નીપજ્યાં હતાં. રાજસ્થાનથી મુંબઈ તરફ જઈ રહેલી લક્ઝરી બસ, બાઈક અને કાર વચ્ચે થયેલા ટ્રિપલ અકસ્માતમાં બાઈક પર સવાર બે યુવાને જીવ ગુમાવ્યા હતા. હાલ ઊંઝા પોલીસે સમગ્ર મામલે તપાસ હાથ ધરી છે.




# ડેટાની સુરક્ષાનો સવાલ

આજે આપણાં મોટાભાગનાં કામ ઈન્ટરનેટના માધ્યમથી સેવા આપતી કંપનીઓ પર નિર્ભર થઈ ગયાં છે. તેના માટે આપણે તેમની બનાવેલી એપ્સ અને વેબસાઈટોનો સતત ઉપયોગ કરીએ છીએ. એવી સ્થિતિમાં સેવા આપનારી ટેક કંપનીઓ અને સવા લેનારા ગ્રાહકોની અંગત માહિતી વચ્ચે કોઈ વધુ અંતર નથી રહ્યું. ખાસ તો ફેસબુક, ગૂગલ, વોટ્સએપ અને ઈન્સ્ટાગ્રામ જેવી ડિજિટલ કંપનીઓ આપણા વિશે અને આપણી પ્રત્યેગ ગતિવિધિ વિશે કદાચ આપણા કરતાં વધારે જાણવા લાગી છે. આ તમામ માહિતીનો વ્યાવસાયિક ઉપયોગ થાય છે. ક્યારેક જાસૂસી માટે પણ આ માહિતી ભેગી કરવામાં આવે છે અને તેનું અધ્યયન કરીને કોઈ નિષ્કર્ષ કાઢવામાં આવે છે, જેનો કદાચ જ આપણને અહેસાસ થાય છે. આપણે પૂછી શકીએ કે આખરે ટેક સેવા પ્રદાતા કંપનીઓથી માંડીને આધાર-પાસપોર્ટ વગેરે દ્વારા ખાનગી ડેટા લેનારી સરકારી એજન્સીઓ આ માહિતીઓનું શું કરે છે? ક્યાંક એવું તો નથી કે જે હેતુથી આ માહિતી લેવામાં આવી છે તેનો કોઈ જુદો જ ઉપયોગ થઈ રહ્યો છે? ડેટારૂપી માહિતીઓની વધતી જરૂરિયાત અને તેમાં ગાબડાની આશંકાઓને ધ્યાનમાં રાખીને ડિજિટલ ખાનગી ડેટા સુરક્ષા વિધેયક-૨૦૨૩ લોકસભામાંથી પસાર થઈ ગયું છે, જેનો ઉદ્દેશ્ય લોકોના ખાનગી અને ગોપનીય ડેટાને સુરિક્ષત રાખવા અને તેના યોગ્ય ઉપયોગની વ્યવસ્થા બનાવવાનો છે.

તેની જરૂરિયાત લાંબા સમયથી અનુભવાઈ રહી હતી કે ઈન્ટરનેટ દ્વારા તમામ સગવડો લેનારી આમ જનતાની નિજતા એટલે કે વ્યક્તિની અંગત અને ગોપનીય માહિતી સુરિક્ષત રહી શકે અને તેનો કોઈ દુરુપયોગ ન થવા પામે. ખાસ વાત એ છે કે આ બિલના દાયરામાં માત્ર ખાનગી ટેક કંપનીઓ જ નથી, પણ એ સરકારી એજન્સીઓ પણ છે, જે આમ જનતાની અંગત માહિતી પોતાના વિભિન્ન કાર્યક્રમો અથવા લોકોને કોઈ સુવિધા પ્રદાન કરવાના ઉદ્દેશ્યથી જમા કરે છે. જેમ આધારકાર્ડ કે પાસપોર્ટ વગેરે. સરકારી એજન્સીઓ પર પણ એ આરોપ લાગતા રહે છે કે આમજનતાની નિજતાની ચિંતા નથી કરવામાં આવતી. તેને કારણે અંગત માહિતીઓ કંપનીઓના હાથમાં આવી જાય છે અને આ પ્રકારે કાં તો તેમનાં બેંક ખાતામાંથી રાતોરાત રકમ ઊડી જાય છે કે પછી કેટલીય કંપનીઓના કોલ સેન્ટર તેમને દિવસ-રાત વિભિન્ન સેવાઓ માટે ફોન કરવા લાગે છે. એક આરોપ એ પણ છે કે સરકારી એજન્સીઓ, એન્ટરટેનમેન્ટ અને ટેક કંપનીઓ લોકોનો જે ડેટા ભેગો કરે છે, તે સુનિશ્ચિત નથી કરતી કે એ ડેટાનો માત્ર એ જ ઉપયોગ થશે, જેના માટે તે લેવામાં આવ્યો છે. ૨૦૧૨માં કર્ણાટકમાં હાઈકોર્ટના પૂર્વ ન્યાયાધીશ કેએસ પુત્તુસ્વામીએ એ દલીલ સાથે સુપ્રીમ કોર્ટમાં એક જનહિત અરજી દાખલ કરી હતી કે આધાર યોજના માટે લોકોનો બાયોમેટ્રિક ડેટા લેવો નિજતાના અધિકારનું ઉલ્લંઘન છે. નિજતાના આ મુદ્દા પર કેન્દ્ર સરકારે જોકે પહેલેથી જ જસ્ટિસ એપી શાહની અધ્યક્ષતામાં એક કમિટી રચી હતી, જેણે દેશમાં પ્રાઈવસી એક્ટ બનાવવાની ભલામણ કરી હતી, પરંતુ આ મામલે ત્યારે હલચલ થઈ, જ્યારે સુપ્રીમ કોર્ટે નિજતાને મૌલિક અધિકાર ગણાવ્યો. આ જ આધાર પર ૨૦૧૯માં કેન્દ્ર સરકારે ખાનગી ડેટા વિધેયક લોકસભામાં રજૂ કર્યો હતો. જોકે ૨૦૨૨માં સંયુક્ત સંસદીય સમિતિના સૂચન પર સરકારે એ વિધેયક એ મતલબ સાથે પાછા લઈ લીધા હતા કે તેને બૃહદ કાનૂની ફ્રેમવર્ક સાથે ફરી લાવવામાં આવશે. આ જ પહેલ પર આ બિલ ફરી લાવવામાં આવ્યું છે.

સામાન્ય રીતે આપણને અહેસાસ નથી થતો કે લોકોની અંગત માહિતીઓનું કંપનીઓ અને સરકારી એજન્સીઓ શું કરે છે, પરંતુ જ્યારે પણ ગૂગલ અને ફેસબુક વગેરે આપણને એ દર્શાવે છે કે આપણે કેટલા વાગ્યે ઘરેથી ઓફિસ આવીએ-જઈએ છીએ, ક્યાં ખાઈએ-પીએ છીએ, રસ્તામાં ટ્રાફિક જામ છે કે નહીં, આપણા દોસ્તોના જન્મદિવસ ક્યારે ક્યારે છે, તો તેને લઈને આપણા કાન ઊભા થઈ જાય છે કે આખરે આ માહિતી આ કંપનીઓ પાસે ક્યારે અને કેવી રીતે પહોંચી ગઈ એમ તો કેટલીય વાર આપણને આ બહુ સુવિધાજનક લાગે છે કે ટેક કંપનીઓને આપણા પરિચિતોના જન્મદિવસથી માંડીને તમામ તથ્યો ખબર છે, કારણ કે યાદ ન આવે ત્યારે આપણે એ માહિતી ફેસબુક વગેરેથી આસાનીથી હાંસલ કરી લઈએ છીએ.

તંત્રી : પ્રકાશ ચૌધરી

### ૬૫ દિવસ સુધી વિદેશમાં રખડયા બાદ વિકલ્પ નહિ રહેતા શરણે થયો

# ખ્યાતિ કાંડનો કાર્તિક પટેલ અંતે ઝડપાયો

**દુબઈથી અમદાવાદ આવી પહોંચતા આંતરરાષ્ટ્રીય વિમાની મથકેથી જ ક્રાઈમ બ્રાંચે ધરપકડ કરી**

**રાજકોટમાં હોસ્પીટલ ધરાવતા સંજય પટોળીયા તથા હોસ્પીટલનાં મહિલા ભાગીદાર રાજશ્રી કોઠારી સહીત હાલ જેલમાં છે**

**ખ્યાતિ કાંડમાં માસ્ટરમાઈન્ડ ઝડપાતા હવે અનેક રહસ્યો ખુલશેઃ છેક ગાંધીનગર સુધી 'તાર' અડે છે**

અમદાવાદ તા.૧૮

ગુજરાત સહીત દેશભરમાં જબરી સનસનાટી સર્જનાર અમદાવાદના ખ્યાતિ હોસ્પીટલ કાંડનો મુખ્ય આરોપી અને હોસ્પિટલનો ડાયરેકટર ૬૫ દિવસ સુધી વિદેશમાં નાસતો-ભાગતો રહ્યા બાદ અંતે તે મોડી રાત્રીનાં અમદાવાદ વિમાની મથકે આવતા જ સમગ્ર કાંડની તપાસ ચલાવી રહેલા અમદાવાદ પોલીસની ક્રાઈમ બ્રાંચે તેની ધરપકડ કરી છે.

હવે ખ્યાતિ કાંડમાં માસ્ટર માઈન્ડ ગણાતો કાર્તિક પટેલ આ પ્રકરણ ખુલતા જ વિદેશ નાસી ગયો હતો અને અનેક દેશોમાં ફર્યા બાદ અંતે દુબઈમાં હોવાનું જાહેર થયુ હતું કાર્તિર્ક પટેલને ઝડપવા માટે લુકઆઉટ નોટીસ પણ જારી કરતા તેના માટે વધુ નાસવુ ફરવુ મુશ્કેલ બની ગયુ હતું.





અંતે ભારત-પરત આવીને અમદાવાદ પોલીસને શરણે થયો હતો તેણે આગોતરા જામીન માટે છેક ગુજરાત હાઈકોર્ટ સુધી પ્રયાસ કર્યા હતા.પણ તમામ અરજીઓ ફગાવતા તેના માટે પરત આવવા સિવાય કોઈ વિકલ્પ રહ્યો ન હતો.

આ કાંડમાં અત્યાર સુધીમાં ડો.પ્રશાંત અમીરાણી હોસ્પીટલના પાર્ટનર રાજશ્રી કોઠારી અને રાજકોટ સહિતના શહેરોમાં હોસ્પીટલ ધરાવતા ડો.સંજય પટોળીયા સહીત નવ આરોપી અગાઉ જ ઝડપાયા હતા. કાર્તિક પટેલ પહેલા ઓસ્ટ્રેલીયા, બાદમાં દુબઈમાં રહેવા લાગ્યો હતો.

અહી તેના ખાસ લોકો સાથે સંપર્કમાં હતો તથા તેના ધારાશાસ્ત્રીની આગોતરા જામીન માટે અને કેટલાક રાજકીય કોન્ટેક મારફત પણ તેને રાહત મળે તેવા પ્રયાસો કર્યા હતા.

અમદાવાદની ખ્યાતિ હોસ્પીટલમાં તેમના નેતૃત્વ હેઠળની તબીબી ટીમોએ ગ્રામીણ દર્દીઓની હૃદયનાં બિનજરૂરી ઓપરેશન કરીને પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના હેઠળ કરોડો રૂપિયાની કમાણી કરી હતી.

તેના છેડા છેક ગાંધીનગર સુધી પડયા છે અને માનવતા નેવે મુકીને ફકત નાણા કમાયા છે ગ્રામીણ ક્ષેત્રમાં આરોગ્ય-નિદાન કેમ્પ યોજીને તે બિનજરૂરી રીતે દર્દીઓને અમદાવાદ લાવી તેના ઓપરેશન ખ્યાતિ હોસ્પીટલમાં કરાતા હતા.

જેમાં બે દર્દીના મોત થતા સમગ્ર રેકેટ ખુલ્યુ હતું.તેના નિવાસે પાડેલા દરોડામાં શરાબનો બાર તથા જુગાર રમવાના પોકર પણ મળ્યા હતા.તેના આલીશાન નિવાસમાં આ કાળી કમાણી હોવાનું પણ ખુલ્યુ છે.

### રસ્તામાં ગાય આડી ઉતરતા કારચાલકે સ્ટીયરીંગ પર કાબૂ ગુમાવ્યો

# અમદાવાદ-ઈન્દોર હાઈવે રકતરંજિત બન્યો : ઈકો કાર ડિવાઈડર પર ચડી વીજપોલ સાથે ટકરાતા ૪ના મોત

**મૃતકોમાં કારચાલકનો સમાવેશઃ કારમાં સવાર એક વ્યકિત ઘાયલઃ ઓથવાડ ગામે ચારેય મૃતકોની એકસાથે અંતિમ યાત્રા નીકળતા ભાવુક દ્રશ્યો સર્જાયા**

અમદાવાદ,તા.૧૮

અમદાવાદ-ઈન્દોર હાઈવે પર ૧૬ જાન્યુઆરી રાત્રિ દરમિયાન એક ઈકો કાર અને ગાય વચ્ચે અકસ્માત સર્જાયો હતો. અમદાવાદથી ઓઢવાડ જતી વખતે અચાનક હાઈવે પર ગાય આવી જતાં કારચાલકે સ્ટીયરિંગ પરનો કાબૂ ગુમાવ્યો હતો અને કાર પલટી ખાઈ ગઈ હતી.

આ અકસ્માતમાં કારમાં સવાર પાંચ લોકોમાંથી ચાર લોકોનાં ઘટનાસ્થળે જ મોત નીપજ્યાં હતાં. મૃતકો બાલાસિનોરના રહેવાસી હોવાનું પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે. કઠલાલ પોલીસે ઘટનાસ્થળે પહોંચી વધુ તપાસ હાથ ધરી છે.



કઠલાલ પાસે કાર પલટી જતાં બાલાસિનોરના ૪ લોકોનાં મોત કઠલાલ પાસેથી અમદાવાદ-ઈન્દોરને જોડતો છે. ૧૬ જાન્યુઆરીએ મોડીરાત્રે ઈકો કાર નંબર (જીજે ૩૫ એન ૧૦૭૯) પસાર થઈ રહી હતી. આ દરમિયાન રોડ વચ્ચે એકાએક ગાય આવી ગઈ હતી. જેથી ઈકો કારચાલકે કારના સ્ટીયરિંગ પરથી કાબૂ ગુમાવતાં આ કાર હાઈવેના ડિવાઈડર પર ચઢી ગઈ હતી.

ત્યાર બાદ લાઈટના લોખંડના પોલ સાથે અથડાઈ હતી. આ અકસ્માતમાં કારનો આગળના ભાગનો લોચો વળી ગયો હતો. તો બીજી તરફ કારમાં સવાર કારચાલક સહિત ૪ લોકોનાં ઘટનાસ્થળે કમકમાટીભર્યાં મોત નીપજ્યાં હતાં.

ઓથવાડ ગામમાં ચારેય મૃતકની એક સાથે અંતિમયાત્રા નીકળી હતી, જેમાં આસપાસના ગામોમાંથી મોટી સંખ્યામાં લોકો જોડાયા હતા. એક જ ગામના ચાર લોકોના અચાનક અવસાનથી સમગ્ર પંથકમાં શોકની લાગણી છવાઈ ગઈ છે. આ દુર્ઘટના એ સમગ્ર વિસ્તારમાં ભારે ગમગીની ફેલાવી છે.આસપાસના લોકો અકસ્માત સમયે દોડી આવ્યા હતા અને ૪ લોકોના મૃતદેહોને બહાર કાઢ્યા હતા. તો વળી કારમાં સવાર એક વ્યક્તિને ઈજા થતાં તેને સારવાર અર્થે નજીકની હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી. આ બનાવ બાદ કઠલાલ પોલીસ બનાવ સ્થળે દોડી આવી હતી. તપાસ અધિકારી કઠલાલ પીઆઈ એમ.વી.ભગોરાએ જણાવ્યું હતું કે, ઈજાગ્રસ્ત ફરિયાદી સંજય પુજેસિહ ઠાકોરની ફરિયાદના આધારે ગુનો દાખલ કરાયો છે. વધુમાં તેમણે જણાવ્યું હતું કે આ બનાવમાં કુલ ૪ લોકોનાં મોત નીપજ્યાં હતા, જેમાં કારચાલકનો પણ સમાવેશ થાય છે.

### અમરેલી લેટરકાંડમાં મહિલા પર પોલીસ દમન સામે રાષ્ટ્રીય માનવાધિકાર આયોગમાં ફરિયાદ

# મૂળ રાજકોટ અને હાલ હાઈકોર્ટમાં વકીલાત કરતા એડવોકેટ બ્રિજ શેઠે ફરીયાદ નોંધાવી છે

રાજકોટ, તા.૧૮

અમરેલીના લેટરકાંડમાં વધુ એક કાર્યવાહીના એંધાણ થઈ રહ્યા છે. મહિલા પર પોલીસ દમન સામે રાષ્ટ્રીય માનવ અધિકાર આયોગમાં મૂળ રાજકોટ અને હાલ હાઈકોર્ટમાં વકીલાત કરતા એડવોકેટ બ્રિજ શેઠે ફરીયાદ નોંધાવી છે.

અમરેલી પોલીસ સ્ટેશનમાં ભાજપ અગ્રણીના લેટરપેડનો તેમજ સહી અને સિક્કાનો દુરઉપયોગ કરવામાં આવેલ હોવાના કથીત બનાવ આધારે એફ.આઈ.આર. નોંધવામાં આવેલ હતી. જે ફરીયાદમાં આરોપીઓની ધડપકડ થયેલ અને પાટીદાર સમાજની એક યુવા દીકરીને પણ આરોપી બનાવી મોડી રાતે તેણીના નિવાસ સ્થાનેથી પોલીસ દ્વારા ધરપકડ કરવામાં આવેલ.

રીકન્સ્ટ્રક્શનના બહાને મહીલા આરોપી સહીત તમામ આરોપીઓનું સરઘસ કાઢવામાં આવેલ. નેશનલ હ્યુમન રાઈટસ કમિશનની ગાઈડલાઈન વિરૂધ્ધ મહીલા પ્રજાજનના બંધારીણીય હકકો અને માનવ અધિકાર ઉપર પોલીસના




અતિક્રમણ બાબતે ગુજરાત હાઈકોર્ટમાં પ્રેક્ટિસ કરતા બ્રિજ વિકાસ શેઠે નેશનલ હ્યુમન રાઈટસ કમિશનમાં ફરીયાદ કરેલ છે.

જે તે ફરીયાદમાં તેમણે ભોગ બનનાર દિકરી અને તેને વેઠેલી તકલીફો તેમજ પોલીસ તંત્ર અને જવાબદાર અધિકારીઓ દ્વારા તેની સાથે કરવામાં આવેલ ગેરકાયદેસર, અપમાનજનક, ગેરબંધારણીય તેમજ માનવીય અધિકારનો સરેઆમ ભંગ થયા બદલ ભોગ બનનાર દિકરીને ન્યાય આપવા માટે નેશનલ હયુમન રાઈટસ કમિશનને વિનંતી અરજી કરેલ છે.

કમિશને આ ફરીયાદ સ્વીકારી તા.૧૬/૧/૨૫ના રોજ રજીસ્ટર કરેલ છે. ટૂંક સમયમાં આગળની કાર્યવાહી થશે. દિકરીને ન્યાય આપવા માટે ગુજરાત હાઈકોર્ટમાં પ્રેકટીશ કરતા એડવોકેટ બ્રિજ વિકાસ શેઠે ફરીયાદ કરેલ છે.

## સાબરકાંઠા જિલ્લામાં નવા પીએમ આવાસ બનાવવા સર્વે હાથ ધરાયો

સાબરકાંઠા જિલ્લાના ૭૧૯ ગામોમાં પ્રધાનમંત્રી આવાસથી વંચિત રહી ગયેલા લાભાર્થીઓ માટે ફરી એકવાર તક આવી છે. કેન્દ્ર સરકાર દ્વારા પ્રત્યેક ગામમાં સર્વે કામગીરી શરૂ કરવામાં આવી છે. આવાસ યોજના હેઠળ લાભાર્થીને રૂા. ૧.૨૦ લાખ ત્રણ હપ્તામાં સહાય ચુકવાય છે. જો લાભાર્થી ૬-મહિનામાં આવાસનું કામ પૂર્ણ કરી દે તો રાજય સરકાર દ્વારા રૂ.૨૦,૦૦૦/- પુરસ્કાર મુખ્યમંત્રીશ્રી અતિરિકત સહાય રૂપે પણ આપે છે. ગ્રામ્ય વિસ્તારમાં કાચું મકાન અથવા મકાન વિહોણા હોય તેમને આ સહાયનો લાભ મળશે. જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામકશ્રી કે.પી. પાટીદારના જણાવ્યા અનુસાર ૨૦૧૮ના સર્વે દરમિયાન જે લાભાર્થીઓને સમાવી શકાયા ન હતા તેમને પુનઃ તક મળી છે એટલે જિલ્લામાં કોઈ પણ બાકી ન રહી જાય તે જરૂરી છે.લાભાર્થીને પીએમ આવાસ ગ્રામીણ સહાય ૧,૨૦,૦૦૦/- ,પ્રોત્સાહક સહાય ૨૦,૦૦૦/-, બાથરૂમ સહાય ૫,૦૦૦/-, ૯૦-દિવસ મનરેગા મજુરી ૨૫,૦૦૦/-અને સ્વચ્છ ભારત મિશન શૌચાલય સહાય ૧૨,૦૦૦/- મળી કુલ ૧,૮૨,૦૦૦/-ની સહાય મળે છે.

## ગ્રહોનો રાઝ આપની આજ




**મેષ (અ.લ.ઈ)** આ રાશિનાં જાતકો માટે આજનો દિવસ જમીન મિલકતને લગતા કાર્યોમાં રાહત જણાય. કામકાજમાં સાધારણ ઉચાટ જણાશે. વિવાદિત કાર્યોથી દૂર રહેવું. વડીલ વર્ગની આરોગ્ય બાબતે ચિંતા રહે.

**વૃષભ (બ.વ.ઉ)**આ રાશિનાં જાતકો માટે આજનો દિવસ પારિવારિક વાતાવરણમાં સુમેળ જણાય. આવક-જાવકનું પ્રમાણ જળવાઈ રહે. માનસિક ચિંતાઓ રહેશે. પતિ-પત્નીના વિચારોમાં અસમાનતા રહેશે.

**મિથુન (ક.છ.ઘ)**આ રાશિનાં જાતકો માટે આજનો દિવસ ભૌતિક સુખ-સુવિધામાં વધારો જણાય. માનસિક શ્રમમાંથી મુક્ત બનો. કામના ભારને હળવો કરી શકશો. સહકર્મચારીના સંબંધોમાં સુધારો જણાશે.

**કર્ક (ડ.હ)** આ રાશિનાં જાતકો માટે આજનો દિવસ સાંસારિક જીવનમાં સામાન્ય ચિંતા જણાય. બહારગામના કામકાજથી લાભ જણાય. સંતાનોના પ્રશ્નોમાં સાનુકૂળતા જણાય. કામકાજમાં સફળતા અને પ્રગતિ જણાય.

**સિંહ (મ.ટ.)** આ રાશિનાં જાતકો માટે આજનો દિવસ અન્યના કારણે કામમાં મુશ્કેલી સર્જાય. મોસાળપક્ષે સામાન્ય ચિંતા જણાય. કાનૂની-ખાતાકીય કામકાજમાં સંભાળવું. માનસિક અશાંતિમાં રાહત અનુભવશો.

**કન્યા (પ.ઠ.ણ.)** આ રાશિનાં જાતકો માટે આજનો દિવસ નોકરી ધંધા માટે પ્રવાસના યોગ બને. વે પાર-વાણિજ્યમાં નવી મુલાકાતથી લાભ થશે. ઉત્તમ આનંદ મેળવી શકશો. ધન પ્રાપ્તિ માટે અધિક મહેનત કરવી પડશે.

**તુલા (ર.ત.)** આ રાશિનાં જાતકો માટે આજનો દિવસ મિત્રો, સ્નેહીજનોની મુલાકાત લાભ કરાવે. હિસાબી કામકાજમાં સાવધાની રાખવી. આકસ્મિક ફાયદાની શક્યતા પ્રબળ જણાય. નોકરી ધંધામાં સામાન્ય ફેરફારીની શક્યતા.

**વૃશ્ચિક (ન.ય.)** આ રાશિનાં જાતકો માટે આજનો દિવસ ઉપરી અધિકારી વર્ગથી પરેશાની જણાય. વિવાદિત કાર્યોમાં અંતર રાખી કામ લેવું. ઘરમાં આનંદનું વાતાવરણ સર્જાય. આરોગ્યની ખાસ કાળજી લેવી.

**ધન (ભ.ધ.ફ.ઢ.)** આ રાશિનાં જાતકો માટે આજનો દિવસ પારિવારિક કામમાં વ્યસ્ત રહેશો. અગત્યના નિર્ણયમાં ઉતાવળ કરવી નહીં. વાણી-વ્યવહારમાં નમ્રતા રાખવી. સગા-સંબંધીઓમાં તણાવ જણાશે.

**મકર (ખ.જ.)** આ રાશિનાં જાતકો માટે આજનો દિવસ વ્યવહારમાં ભાગાદોડી અને ખર્ચ રહેશે. જીવનસાથી સંતાનોના કામમાં સાનુકૂળતા રહેશે. થોડી બેચેની અને કામની ચિંતા રહેશે. કામકાજ સામાન્ય સંભાળીને કરવું.

**કુંભ ( ગ.શ.સ.ષ.)** આ રાશિનાં જાતકો માટે આજનો દિવસ પારિવારિક સંબંધોમાં મુશ્કેલી જણાશે. વિવાદિત કાર્યોમાં સાચવીને કામ કરવું. વિલંબમાં પડેલા કાર્યો ઉકેલાશે. માનસિક અસ્વસ્થતા અનુભવશો.

**મીન (દ.ચ.ઝ.થ.)** આ રાશિનાં જાતકો માટે આજનો દિવસ વિલંબમાં પડેલા કામો પૂરાં થશે. ધર્મકાર્યમાં યાત્રા-પ્રવાસ થાય. કામની હળવાશ અનુભવશો. દૈનિક વ્યવસાયથી લાભ થશે.

## ફિલ્મી ગપશપ

### હુમલાખોર ખૂબ આક્રમક હતો; સૈફ પર ઝનૂનપૂર્વક વાર કરતો હતો

# કરીના કપુરનો ખુલાસો : હુમલાખોરે દાગીનાને હાથ પણ અડાડયો ન હતો; ઈરાદો જુદો જ હતો?

**સૈફ પુત્ર - મહિલાઓને બચાવવા ધસી ગયો હતો; પોતે ખૂબ ડરી જતા કરીશ્મા પોતાના ઘેર લઈ ગઈ હતી**



મુંબઈ, તા.૧૮

સૈફઅલીખાન પર હુમલાની ઘટના બારામાં પોલીસે હવે તેની પત્ની અને અભિનેત્રી કરીનાકપુરનુ નિવેદન નોંધ્યુ હતું. કરીનાએ એમ કહ્યું કે છરીથી હુમલો થતા બાળકો અને મહિલાઓને ૧૨મા માળે મોકલી દીધા હતા. સૈફે બાળકો સહિત તમામને બચાવવાની કોશિશ કરી હતી. સૈફ વચ્ચે આવી ગયો હોવાથી હુમલાખોર નાના પુત્ર જહાંગીર સુધી પહોંચી શકયો ન હતો.

હુમલાખોર ઝનૂની હતો અને સૈફ પર અનેક વખત વાર કર્યો હતો. આ વખતે દાગીના પણ ખુલ્લામાં પડયા હતા છતા તેને હાથ અડાડયો ન હતો. પોતે ખૂબ ડરી ગઈ હતી એટલે કરિશ્મા પોતાના ઘેર લઈ ગઈ હતી.

કરીનાના નિવેદન મુજબ સૈફ સાથે ઝપાઝપી દરમ્યાન હુમલાખોર ખૂબ આક્રમક થઈ ગયો હતો અને છરીથી વાર કર્યો હતો. હુમલાખોર સામે પડેલા દાગીનાની લુંટ કે ચોરી કરી ન હતી એટલે તે માત્ર હુમલો કરવા કે કોઈક બીજા જ ઈરાદે આવ્યો હોઈ શકે છે.

અભિનેત્રીએ ઘટનાક્રમ વર્ણવતા એમ પણ કહ્યું હતું કે શંકાસ્પદ શખ્સ ચોરને ઘરમાં ઘુસેલો જોઈને કેરટેકરે બૂમાબૂમ કરી હતી એટલે સૈફ અને પોતે તેના રૂમ તરફ દોડયા હતા. કારણ કે આ રૂમમાં જ નાનો પુત્ર જહાંગીર સુતો હતો. ચોર ઘરમાં હતો તો પણ કોઈ દાગીના કે કિમતી ચીજની ચોરી કરી હતી.

કેરટેકર લીમાને છરી દેખાડીને ધમકાવી હતી અને એક કરોડની માંગણી કરી હતી. ઘરમાં છરી સાથે અજાણ્યા શખ્સને નિહાળીને પોતે ભયભીત બની હતી. તેણે સૈફ પર હુમલો કરતા મદદ માટે દેકારો કરવા લાગી હતી. પોલીસના સૂત્રોએ કહ્યું કે આ કેસમાં સૈફઅલીખાનનુ નિવેદન નોંધવાનુ બાકી છે.

### રાષ્ટ્રીય પ્રમુખ જે.પી.નડ્ડા ગુજરાતના પ્રવાસે

# ભાજપમાં જીલ્લા - મહાનગર પ્રમુખોની યાદીના વિલંબ પાછળ વિવાદો 'ઠંડા' પાડવાનો વ્યુહ

### એક બાદ એક રાષ્ટ્રીય નેતાઓ આવે છે - જાય છે હવે ભુપેન્દ્ર યાદવ પર નજર : જે.પી.નડ્ડાના આગમન - કાર્યક્રમમાં સૌ વ્યસ્ત

(ગરવી તાકાત) અમદાવાદ તા.૧૮

ગુજરાત ભાજપમાં જીલ્લા-મહાનગરોના પ્રમુખોની નિયુક્તિ મુદે ગાંધીનગરમાં ગુચવાયેલો મામલો ફરી એક વખત દિલ્હી જાય તેવી શકયતા છે. ભાજપના બે વરિષ્ઠમ નેતાઓ કેન્દ્રીય ગૃહમંત્રી અમીત શાહ અને પ્રદેશ પ્રમુખ તથા કેન્દ્રીય મંત્રી સી.આર.પાટીલ બન્નેને પ્રદેશના પદાધિકારીઓ દિલ્હી મળી આવ્યા હતા.કમુરતા બાદ જાહેરાતની ચર્ચા હતી પણ હજું સુધી નામો જાહેર થયા નથી. આજે ભાજપના રાષ્ટ્રીયપ્રમુખ જે.પી.નડ્ડા પણ ગુજરાત આવી રહ્યા છે અને તેઓ કાલે પુરો દિવસ પક્ષ અને સતાવાર કાર્યક્રમમાં સામેલ થશે.



તે બાદ પ્રદેશ પ્રમુખ માટે નિયુક્ત થયેલા કેન્દ્રીય નિરીક્ષક તથા કેન્દ્રીય મંત્રી ભુપેન્દ્ર યાદવ પણ બે દિવસના વિલંબ બાદ કાલે ગાંધીનગર પહોંચશે. આમ એક બાદ એક રાષ્ટ્રીય નેતાઓ ગુજરાત આવે છે.

પરંતુ હજુ સુધી જીલ્લા-મહાનગરોના પ્રમુખોની નિયુક્તિ મુદે સસ્પેન્સ યથાવત છે. ગુજરાતના વધુ જીલ્લાઓમાં પણ આંતરિક મતભેદો હોવાનું જાહેર થયુ છે અને વિલંબનો એક હેતુ તમામને 'ઠંડા' પાડી દેવાનો હોય તે પણ શકય છે અને પછી પ્રદેશ પ્રમુખના નામ પર એક વખત ભાજપ મોવડીમંડળ નિર્ણય લે તે બાદ આ નામો જાહેર થઈ શકે છે.

### ભરતી પારદર્શક અને ઓનલાઈન થશે એટલે ગેરરીતિનો કોઈ પ્રશ્ન નથી : ડિંડોર

# રાજયમાં ૨૪૭૦૦ શિક્ષકોના સિલેકશન અંગે શિક્ષણમંત્રી બોલ્યા : ભરતી તબક્કાવાર થશે

ગાંધીનગર,તા.૧૮

આજે ગુજરાતમાં નેશનલ સ્ટાર્ટ અપ ડેની ઉજવણી કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં શિક્ષણ મંત્રી કુબેર ડીંડોર, પ્રફુલ પાનશેરીયા સહીત અગ્રણીઓએ હાજરી આપી હતી. અને આ જ કાર્યક્રમ બાદ શિક્ષકોની ભરતીને લઈને શિક્ષણ મંત્રી કુબેર ડીંડોરને પ્રશ્નો પૂછવામાં આવ્યા હતા.

છેલ્લા કેટલાક મહિનાઓ પહેલા જ શિક્ષકોની ભરતીની જાહેરાત કરવામાં આવી હતી. જેમાં ૨૪,૭૦૦ જેટલી શિક્ષકોની ભરતી કરવામાં આવશે તેવી જાહેરાત કરવામાં આવેલી. આજે આ મામલે શિક્ષણ



મંત્રીએ જવાબ આપ્યો હતો.

શિક્ષણમંત્રી કુબેર ડિંડોરે કહ્યું હતું કે, અમે શિક્ષકોની ભારતીને લઈને તૈયારીઓ કરી જ રહ્યા છીએ. ભરતીની જાહેરાત બાદ તેમાં વિલંબ થયો છે. તબક્કાવાર બધી ભરતીઓ કરવામાં આવશે.

ભરતી પારદર્શક હશે, ઓનલાઈન હશે એટલે કોઈ ગેરરીતિ થવાના કે કોઈ તકલીફ થવાના કોઈ પ્રશ્નો ઉભા થશે નહિ. સાથે જ આગામી એક જ મહિનામાં આ સમગ્ર ભરતી પૂરી કરવાં આવશે. તેવું એલાન પણ શિક્ષણમંત્રી કુબેર ડિંડોરે કર્યું હતું.

### ઠંડા પવનોએ લોકોને ફરી ધ્રુજાવ્યા : ૬.૩ ડિગ્રી સાથે ગિરનાર પર્વત ટાઢોબોળ

# ન્યુનતમ તાપમાન વધ્યું, પરંતુ ઠાર યથાવત : ૬ ડિગ્રી સાથે નલિયા રાજયમાં સૌથી ઠંડુ : રાજકોટમાં ૧૦.૭, જામનગર ૧૩, ભુજ ૧૧.૪, અમરેલીમાં ૧૩.૮ ડિગ્રી

(ગરવી તાકાત) અમદાવાદ તા.૧૮

મકરસંક્રાંતિ બાદ સૌરાષ્ટ્ર-કચ્છમાં ઠંડીનો જાણે નવો રાઉન્ડ શરૂ થયો હોય તેમ ટાઢોડુ છવાયેલુ રહ્યું છે. ગઈકાલે અમરેલી, રાજકોટમાં ઠંડીએ સપાટો બોલાવ્યા બાદ આજે ન્યુનતમ તાપમાનનો પારો થોડો ઉપર આવ્યો છે, પરંતુ સુસવાટા મારતા ઠંડા પવનોના કારણે સવારથી મોટા ભાગના શહેરોમાં ઠંડીનો જોરદાર અનુભવ થઇ રહ્યો છે.

આજે રાજકોટ સહિતના શહેરોમાં તાપમાન બે આંકડામાં હતું, પરંતુ રસ્તા પર વિદ્યાર્થીઓથી માંડી નાગરિકો ગરમ કપડામાં વિંટળાયેલા જોવા મળ્યા હતા. તો ગીરનાર પર્વત પર સહેલાણીઓ ધ્રુજયા હતા.

આજે સમગ્ર રાજયમાં સૌથી ઠંડુ શહેર ફરી ૬ ડિગ્રી સાથે નલીયા રહ્યું હતું, ગીરનાર પર ૬.૩ ડિગ્રી તાપમાન હોવાથી પર્વત ઠંડોગાર બની ગયો હતો. આ સિવાય આજે અમરેલીમાં ૧૩.૮, ભાવનગરમાં ૧૬.૧૫, જામનગરમાં ૧૩, ભુજમાં ૧૧.૪, કંડલામાં ૧૩.૭, પોરબંદરમાં ૧૪, રાજકોટમાં ૧૦.૭ ડિગ્રી તાપમાન રહ્યું હતું. અમદાવાદમાં પણ ૧૩.૭, ડિસામાં ૧૦.૭, વડોદરામાં ૧૫.૮ અને સુરતમાં ૧૮.૮ ડિગ્રી પર પારો સ્થિર થયો હતો.

મકરસંક્રાંતિથી ઠંડીનો માહોલ જુનાગઢ અને જીલ્લામાં જોવા મળી રહ્યો છે. ઠંડીનો પારો ગઈકાલ માફક આજે પણ નીચે જવા પામ્યો છે. ખાસ કરીને ગિરનાર પર્વત ઉપર ૬.૩ ડિગ્રીએ નીચે ઉતરી જતા પ્રવાસીઓ ઠુંઠવાય જવા પામ્યા છે. પવનની ગતિ વધી જતા હાડ ગાળી નાખે તેવો ઠંડો પવન ફુંકાઇ રહ્યો છે.વહેલી સવારે અને રાત્રીના ઠંડીનો પારો ગગડીને ૧૧.૩ ડિગ્રી



અને મહતમ પારો ૧૩.૨ ડિગ્રીએ નોંધાયો છે. ભેજનું પ્રમાણ ૭૩ ટકા અને પવનની ગતિ પ્રતિ કલાક ૧૦.૩ કિ.મી.ની ગતિએ હીમ ભર્યો ફુંકાઇ રહ્યો છે. જનજીવન ઉપર માઠી અસર જોવા મળી રહી છે.

ભાવનગરમાં લઘુતમ તાપમાન ૩ ડીગ્રી ઊંચકાયું હોવા છતાં ઠંડો પવન ફૂંકાતા ઠંડીની તીવ્રતા યથાવત રહેવા પામી છે. ગોહિલવાડ પંથકમાં છેલ્લા ૨૪ કલાક દરમિયાન લઘુત્તમ તાપમાન ત્રણ ડિગ્રી ઊંચકાયું છે. આજે ભાવનગર છે એનું લઘુતમ તાપમાન વધીને ૧૬.૫ ડિગ્રી રહેવા પામ્યું હતું. જ્યારે સવારે વાતાવરણમાં ભેજનું પ્રમાણ ૮૦% રહ્યું હતું અને પવનની ઝડપ ૧૨ કિ.મી. પ્રતિ કલાકની રહી હતી. ઠંડો પવન ફૂંકાઈ રહ્યો હોય ઠંડીનું મોજુ યથાવત રહેવા પામ્યું છે.

જામનગરમાં છેલ્લા ચોવીસ કલાકમાં લઘુતમમાં આંશિક ઘટાડો નોંધાતા તાપમાન નો પારો ૧૩ ડીગ્રીએ સ્થિર રહ્યો હતો. જો કે પવનની ગતિમાં ૬ કિમિ વધારો થતાં સુસવાટા મારતા પવનથી શિત લહેર છવાઈ જતા શહેરીજનો ઠડીમાં ઠુઠવાયા હતા.

આ સાથે તાપમાનમાં થયેલા ઘટાડા વચ્ચે ખાસ કરીને રાતથી લઈને વહેલી સવાર સુધી ઠંડીનો ચમકારો યથાવત્ રહ્યો હતો. આજે લઘુતમ તાપમાન આંશિક ઘટીને૧૩ ડીગ્રી, જ્યારે સતત બીજા દિવસે મહત્તમ તાપમાન ૨૫ ડીગ્રી નોંધાયું હતું.

શહેરના વાતાવરણમાં ભેજનુ ૯ ટકા ઘટાડા સાથે ૬૧ ટકા રહ્યું હતું. પવનની ગતિમાં ૬ કિમીના વધારા સાથે પ્રતિકલાકની સરેરાશ ૯.૩ કિ.મી.ની રહેવા પામી છે.

### મુંબઈ - અમદાવાદ વંદેભારત સ્લીપર ટ્રેનની ટ્રાયલ પૂર્ણ : ૧૮૦ કીમીની ઝડપે દોડાવાઈ

# આખરી સર્ટીફીકેટ મળ્યા બાદ પ્રવાસી સેવામાં મુકાશે

અમદાવાદ,તા.૧૮

દેશી સૌથી આધુનિક ટ્રેન વંદેભારતના સ્લીપર વર્ઝનની ટ્રાયલ રન મુંબઈ અને અમદાવાદ વચ્ચે સફળતાપુર્વક કરવામાં આવી હતી. અમદાવાદથી સવારે ૭.૨૯ કલાકે રવાના થયેલી ટ્રેન બપોરે ૧.૫૦ વાગ્યે મુંબઈ પહોંચી હતી. મુંબઈથી ફરી બપોરે ૨.૪૫ કલાકે અમદાવાદ માટે રવાના કરવામાં આવી હતી.

રેલવે વિભાગનાં સુત્રોએ કહ્યું કે, ૧૩૦ કિલોમીટરની ગતિએ ટ્રાયલ રન કરવામાં આવી હતી. છેલ્લા ત્રણ દિવસથી ચાલતા ટ્રાયલ રનમાં ૧૮૦ કિલોમીટરની સર્વોચ્ચ ઝડપે પણ દોડાવવામાં આવી હતી.



હવે રિસર્ચ ડીઝાઈન એન્ડ સ્ટાર્ન્ડડ ઓર્ગેનાઈઝેશનનું સર્ટીફીકેટ મળ્યા બાદ તે નિયમીત ધોરણે ચલાવવાનો નિર્ણય થશે. રેલવે બોર્ડ દ્વારા રૂટ તથા શિડયુલનો નિર્ણય લેવાશે.વંદે ભારત સ્લીપરના ટ્રાયલ રન વખતે ૨ જાન્યુઆરીએ કોટા-લબાન વચ્ચે ૩૦ કીમીનાં અંતરમાં ૧૮૦ કીમીની ઝડપે દોડાવવામાં આવી હતી. ૧ જાન્યુઆરીએ ૪૦ કીમીના અંતરમાં પણ ૧૮૦ કીમીની સ્તરે દોડાવાઈ હતી. આ પછી ૧૭૦ કીમીનું ટ્રાયલ રન લેવાયુ હતું.

ટ્રાયલ રન ખતમ થવા સાથે હવે સેફટી કમિશ્નર દ્વારા મહતમ સ્પીડની સમીક્ષા કરાશે. ત્યારબાદ સતાવાર પ્રમાણપત્ર મળ્યા પછી રેગ્યુલર સેવામાં સામેલ કરવામાં આવશે.

૧૬ કોચની વંદે ભારત સ્લીપર ટ્રેનમાં ચાર્જીંગ પોર્ટ, નાસ્તા માટે ફોલોબલ ટેબલ, લાઈટીંગ સિસ્ટમ, લેપટોપ ચાર્જીંગ સ્ટેશન સહીતની આધુનિક સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવી છે. ફર્સ્ટ એસી કોચમાં ૨૪ સીટ હશે સેકધડ એસીમાં ૪૮, થર્ડ એસીમાં ૬૭ સીટ હશે.

# બ્રહ્મને જાણે તે બ્રહ્મરૂપ બને છે. રામાયણની કથા કરુણરસ પ્રધાન છે. બાળકાંડ સિવાય બધા કાંડમાં રુદન છે.

આજે આપણે ભગવદ્ ગીતા જ્ઞાનમાં રામાયણની ભગવાન રામચંદ્રજી મર્યાદા પુરુષોત્તમ કહેવાયા તો તે અંગે જોઈએ

ધર્મ મર્યાદા પાળવાથી શું થવાનું છે, પણ જ્ઞાની પુરુષોને પણ જ્ઞાન ની રામકક્ષાએ પહોંચ્યા પછી ધર્મ ની મર્યાદાની જરૂર રહેતી નથી. છતાં યે લોકોને ધર્મ મર્યાદાનો મોંધ આપવા તેઓ હંમેશાં મર્યાદાનું પાલન કરે છે. સ્વધર્મની મર્યાદાનું પાલન કરનાર માનવી સુખી થાય છે.રામજી કદી એવું માનતા નથી કે હું સ્વતંત્ર છું. શ્રીરામ સદા પોતાને ધર્મ પરતંત્ર માને છે. એટલે રામનો પ્રત્યેક સદગુણ જીવનમાં ઉતારવો એજ રામની સાચી સેવા છે.

રામજી ખૂબ સરળ હતા.સજ્જન સાથે સરળ અને દુર્જન સાથે પણ તેઓ સરળ બને છે. રામરાજ્યમાં પ્રજા બહુ જ સુખી છે.રામજી બધાની ચિંતા રાખે છે. એક વાર એવું બને છેકે,એક ધોબી સીતા જીની નિંદા કરે છે.આ સાંભળી રામ જી લક્ષ્મણને કહે છે કે, લક્ષ્મણ, લોકો ગમે તેમ બોલે તે મને પસંદ નથી.લોકોને એવું બોલવા કારણ ન દેવું જોઈએ. માટે લોકાચારનું પાલન કરવું એ મારી ફરજ છે.એટલે તું સીતાજી ને રથમાં બેસાડી ને વનમાં મૂકી આવ.

લક્ષ્મણને આ ગમતું નથી.જ્ઞાની થવું સહેલું છે,યોગી થવું પણ સહેલું છે, પણ સેવક થવું સૌથી કઠણ છે. નહીં ગમતું કામ પણ સેવકે પ્રસન્ન મનથી કરવું પડે છે. લક્ષ્મણજીને સીતાજીને વનમાં ત્યાગ કરવાનું કામ ગમતું નથી. છતાં એમને એ કરવું પડે છે. લક્ષ્મણજી સીતાજીને વનમાં છોડી આવે છે.

રામજીએ સીતાજીનો ત્યાગ કર્યો હતો.છતાં સીતાજીનાં મનમાં રામ જી માટે જરા પણ કુભાવ નહોતો રામજીની સેવા કોણ કરશે એની જ તેઓ તો ત્યારે પણ ચિંતા



**યશપાલસિંહ ટી.વાઘેલા**
દરબાર ગઢ થરા

કરતાં હતાં. સીતાજી વાલ્મીકિના આશ્રમમાં જાય છે,ત્યાં લવ-કુશ નો જન્મ થાય છે. ભાગવતની રચના ગંગાકિનારે થઈ છે અને રામાયણની રચના તમસા નદીના પવિત્ર કિનારે થઈ છે. રામરાજ્યમાં પ્રજાને આટલું સુખ હતું, છતાં પ્રજાએ રામસીતાના સુખનો જરા ય વિચાર નથી કર્યો. એક માત્ર વસિષ્ઠજીને આ બધું જોઈ દુઃખ થતું હતું.એટલે એમણે રામ-સીતાજીને પાછાં બોલાવી લાવવા આગ્રહ કર્યો હતો,પણ રામજીએ તેમ કરવાની ના પાડી, ત્યારે વસિષ્ઠજીએ કહ્યું કે, તમને યશનો અધિકાર નથી.યજ્ઞમાં ધર્મ પત્નીની હાજરી સાથે જોઈએ. ત્યારે રામજીએ સીતાજીની સુવર્ણ પ્રતિમા બનાવીને યજ્ઞમાં પોતાની પડખે બેસાડી.

રામજીના યજ્ઞમાં વાલ્મીકિજીને પણ આમંત્રણ હતું.એટલે લવકુશ ની સાથે તેઓ પણ આવ્યા હતા. લવકુશે



રામકથા કરી હતી. રામજી જમીન ઉપર બેસીને કથા સાંભળતા હતા. રામજીએ મર્યાદાનું કથા માં પણ પાલન કર્યું હતું.લવકુશને જોઈને રામજીને બહુ પ્રેમ થાય છે અને વસ્ત્ર-ઉપહાર આપવા તૈયાર થાય છે, ત્યારે લવકુશ કહે છેકે,અમારા ગુરુની આજ્ઞા છે કે, અમે ઋષિ બાળકો છીએ.અમારાથી ગૃહસ્થ નો કોઈ લેશાન જેવું વાલ્મીકિના શિષ્યો છીએ એથી વધુ પરિચય આપવો એ ઋષિબાળકની મર્યાદા ની બહારની વાત છે. અમારાથી અમારા માતા પિતા કે ઘરનો પરિચય ન અપાય.સમજીને સમગ્ર રામાયણ સાંભળવાની ઈચ્છા છે.પણ લવ કુશ કહે છે કે, અમારા ગુરુસ્તી આજ્ઞા છે કે, રાજ્યાભિષેક સુધી ની જ કથા કહેવી. એટલે આગળ અમે નહીં કહી શકીએ. આશ્રમમાં આવીને લવકુશ સીતાજીને કહે છે કે,મા, આજે અમે એક મોટા રાજાની સભામાં ગયા હતા. એમનું નામ રામ છે. એમની બાજુમાં તારા જ જેવી એક સોનાની મૂર્તિ હતી. સીતાજીને એ જાણીને આનંદ થાય છે કે, રામે મારો ત્યાગ નથી કર્યો.

રામજીએ સીતાનો ત્યાગ કર્યો નથી, પણ એક રાજાએ પ્રજાને શુદ્ધ ચારિત્ર્યનો આદર્શ આપવા એક રાણીનો ત્યાગ કર્યો હતો. જીવ જ્યારે કંઈ આપે છે,ત્યારે પોતાને માટે રાખીને આપે છે. પણ શ્રીરામ આપે છે ત્યારે પોતાનું સર્વ સ્વ આપે છે એમ એમણે પોતાનું સર્વસ્વ પ્રજાહિતાર્થે દઈ દીધું હતું.

મહર્ષિ વાલ્મીકિએ અયોધ્યાની પ્રજાને ઠપકો આપ્યો છે અને કહ્યું કે,જેમણે તમારા સુખ માટે આટલું કર્યું, એ રામ અને સીતાજી માટે તમને જરાય દુઃખ નથી થતું! શ્રીરામને એકલા અયોધ્યાના રાજ મહેલમાં રહેવું પડે અને સીતાજી ને મારા આશ્રમમાંએ ક્યાંનો ન્યાય છે?વાલ્મીકિ સીતા જીને કહે છે કે,બેટા,એક વખત તું મારી સાથે રામજીના દરબારમાં આવશે? તને રામજી ખૂબ યાદ કરે છે.અને રાજ સભામાં જવાનો દિવસ પણ નક્કી થયો અને એ વાલ્મીકિ સીતાજીને લઈને અયોધ્યાની રાજસભામાં આવ્યા સીતાજીની નજર જમીન ઉપર સ્થિર હતી. અયોધ્યાની પ્રજા સીતાજીનાં દર્શન કરે છે અને જય જયકાર કરે છે.ન ત્યારે સીતાજી કહે છે, મેં જો રામ સિવાય સ્વપ્રે પણ કદી બીજા કોઈનો વિચાર ન કર્યો હોય અને પતિવ્રતા ધર્મ પૂરેપૂરો પાળ્યો હોય તો હે ધરતી માતા,મને તમે તમારી ગોદમાં લઈ લો! અને એ જ ક્ષણે ધરતીમાતા સીતાજીને પોતાનામાં સમાવી લે છે.આમ સીતાજી ધરતીમાંથી પ્રગટ થયાં હતાં અને ધરતીમાં જ સમાઈ ગયાં હતાં.

એક વખત વસિષ્ઠ હનુમાનજીને પૂછે છે કે, ખરેખર તમે કોણ છો?

હનુમાનજી કહે છે, દેહ બુદ્ધિથી હું રામનો દાસ છું. જીવબુદ્ધિથી હું રામજીનો અંશ છું. એક દ્રષ્ટિએ હું અને રામ એક છીએ. મારામાં અને રામમાં ભેદ નથી!ખરેખર ભક્ત અને ભગવાન એક જ છે. બ્રહ્મને જાણનારો બ્રહ્મથી અલગ રહી શકતો નથી. હું બ્રહ્મને જાણે તે બ્રહ્મરૂપ બને છે.

રામાયણની કથા કરુણરસ પ્રધાન છે. બાળકાંડ સિવાય બધા કાંડમાં રુદન છે.

રામ સિવાય બીજે આરામ ખોળે છે તે આરામને બદલે માત્ર ઉપાધિ મેળવે છે. એટલા માટે સતત રામનું ચિંતન કરવું.રામાયણમાં વાલ્મીકિ એ કેવા કેવા આદર્શ સમાજ સમક્ષ મૂક્યા છે તેનો વિચાર કરો. રામાયણમાં એક પાત્ર આદર્શ છે. પિતા આદર્શ, માતા આદર્શ,પતિ આદર્શ,પત્ની આદર્શ ભાઈ આદર્શ,ગુરુ આદર્શ,પુત્ર આદર્શ અને શત્રુ પણ આદર્શ રાવણ જેવો શત્રુ ક્યાં મળે!રામનું સામર્થ્ય અને રામની દૈવી શક્તિ એ જાણે છે અને એને વખત આવ્યે બિરદાવે છે એ કંઈ જેવો તેવો દુશ્મન ન ગણાય. એ બતાવે છે કે, મનુષ્ય કાલાધીન છે, સ્વભાવાધીન છે. બધી ઈશ્વરની જ લીલા છે.

શ્રીમદ્ રામાયણ એ શ્રીરામજીનું નામસ્વરૂપ છે. રામાયણનો એક એક કાંડ એ રામજીનું અંગ છે. બાળકાંડ એટલે રામજીનાં ચરણ, અયોધ્યાકાંડ એટલે સાથળ, અરણ્ય કાંડ એટલે ઉદર,કિષ્કિંધા કાંડ એટલે હૃદય,સુંદર કાંડ એટલે કંઠ,લંકાકાંડ એટલે મુખ અને ઉત્તરકાંડ એ રામજીનું મસ્તક છે.

આમ શ્રીરામાયણ રામજીનું નામ સ્વરૂપ હોઈ જીવ માત્રનો તે ઉદ્ધાર કરે છે. રામચંદ્રજી આ પૃથ્વી ઉપર પ્રત્યક્ષ બિરાજતા હોય ત્યારે તેઓ પોતે જીવોનો ઉદ્ધાર કરે છે પણ જ્યારે તેઓ પ્રત્યક્ષ બિરાજતા ન હોય ત્યારે રામાયણ એમનુંએ કામ બજાવે છે. રામજીએ તો અમુક જીવોનો ઉદ્ધાર કરેલો પણ રામાયણે તો અસંખ્ય જીવોને પ્રભુને માર્ગે વાળ્યા છે અને જીવોનું કલ્યાણ કરે છે અને કરતું રહેશે. તેથી રામ કરતાં રામાયણ શ્રેષ્ઠ છે એમ કહીએ.

અયોધ્યા કાંડનો જે પાઠ કરશે તેનું ઘર અયોધ્યા બનશે.તેના ઘરમાં ઝઘડો થશે નહીં. અયોધ્યા કાંડની ગૃહસ્થાશ્રમીઓને બહુ જરૂર છે. કલહનું મૂળ પૈસો અને પ્રતિષ્ઠા છે.અયોધ્યા કાંડએ મૂળનો નાશ કરે છે. અયોધ્યા કાંડનું ફળ છે નિર્વૈરતા.ઘરના એક એક મનુષ્યમાં ભાગવત ભાવ રાખો. ભાછમાં જેને ભગવાન ન દેખાય તેને એક મંદિરમાં પણ ભગવાન દેખાવાના નથી.

વાચક ચાહક મિત્રો સૌને જય માતાજી સુપ્રભાત આજે બસ અહીં અટકીએ અસ્તુ.

## વડાપ્રધાન નરેન્દ્ર મોદીની વર્ચ્યુઅલ અધ્યક્ષતામાં દેશમાં ૬૫ લાખ સ્વામીત્વ કાર્ડ વિતરણનો કાર્યક્રમ યોજાયો

# આરોગ્યમંત્રી ઋષિકેશ પટેલના અધ્યક્ષ સ્થાને બેચરાજીના રણેલા ગામે ૪૨૩ લાભાર્થીઓને પ્રોપર્ટી કાર્ડ વિતરણ કરાયા

### ગામડામાં નાગરિકને પોતાના માલિકીપણાનો ભાવ પેદા કરતું સ્વામીત્વ કાર્ડ વરદાન સમાન : આરોગ્ય મંત્રી ઋષિકેશભાઇ પટેલ







(ગરવી તાકાત) મહેસાણા તા.૧૮

"ગામડાની નિરાધાર પ્રોપર્ટીને આધાર આપવાનું કામ સ્વામીત્વ યોજના એ કર્યું છે. ગામડાઓમાં ગામતળની મિલકતો કાયદાકીય રીતે નાગરિકોના હાથમાં આવે અને હકથી તેઓ બેંકમાં લોન કે અન્ય સહાયો લઈ શકે તે માટે દિલ્હીથી વડાપ્રધાનશ્રીએ વહીવટી તંત્રને સાથે લઈ સ્વામીત્વ યોજનાનું મોટું અભિયાન આરંભ્યુ છે'' એમ આરોગ્ય મંત્રીશ્રી ઋષિકેશભાઇ પટેલે સ્વામીત્વ કાર્ડ વિતરણ સમારોહમાં જણાવ્યું હતું.

ભારત સરકારના પંચાયતીરાજ મંત્રાલય અને રાજ્ય સરકારના મહેસુલ, પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગથી પ્રેરિત આજે બેચરાજી તાલુકાના રણેલા ગામે આરોગ્યમંત્રીશ્રી ઋષિકેશભાઇ પટેલના અધ્યક્ષ સ્થાને ૪૨૩ લાભાર્થીઓને સ્વામીત્વકાર્ડ વિતરણ કરવાનો સમારોહ યોજાયો હતો.

આ પ્રસંગે આરોગ્યમંત્રીશ્રી એ વધુમાં જણાવ્યું હતું કે,''ગામડામાં નાગરિકને પોતાના માલિકીપણાંનો ભાવ પેદા કરતું સ્વામીત્વ કાર્ડ વરદાન સમાન છે. ૨૧ મી સદીના મધ્ય ભાગમાં વર્ષ ૨૦૪૭ માં દેશ વિકાસશીલમાંથી વિકસિત બનવાનો છે ત્યારે વડાપ્રધાને દેશની પ્રતિભાને દેશમાં તકોની અનેક ક્ષિતિજો ખોલી છે. ગુજરાત મોડલમાં એ માટે સ્ટાર્ટઅપ ક્ષેત્રે આગવી ઓળખ બનાવી ચૂક્યું છે આજે દુનિયાની આંખોમાં આંખ મેળવીને વાત કરવાની દેશની ક્ષમતા વડાપ્રધાને ઉભી કરી છે. મિલકતના કાયદાકીય કાર્ડને ખાસ અભિયાન થી આરંભ કર્યો છે. આધુનિક ટેકનોલોજીના ઉપયોગથી સામાન્ય પ્રજાના પ્રશ્નોને ઉકેલવાનો માર્ગ નરેન્દ્રભાઈની સરકારે કરેલ છે.

મંત્રીશ્રીએ વધુમાં જણાવ્યું હતું કે,'' યુવાઓમાં માઈન્ડથી માર્કેટ સુધીની સ્ટાર્ટઅપ પોલિસી અમૃત મહેસાણા મિશન માટે કલેકટરશ્રીને પણ ધન્યવાદ આપવા પડે કે એમણે વડાપ્રધાનશ્રીના સ્ટાર્ટઅપના સ્વપ્નને સાકાર કરવામાં મોટો ભાગ ભજવ્યો છે જેના કારણે મહેસાણા પણ મોટું આઈ હબ બનશે બનશે.

મહેસાણા લોકસભાના સાંસદશ્રી હરિભાઈ પટેલે જણાવ્યું હતું કે ,''દેશ અને રાજ્યના સર્વાંગી વિકાસમાં વિવિધ યોજનાઓ પૈકી આજે સ્વામીત્વ યોજના અંતર્ગત વડાપ્રધાનશ્રી ૬૫ લાખ સ્વામીત્વ કાર્ડ દેશના નાગરિકોને આપશે. જેથી દરેક વ્યક્તિને પોતાની મિલકતના વિવાદ કે ઝઘડા ના થાય અને વાંધા સુધારા ધ્યાનમાં લઈને સરકાર આ કાર્ડ આપી રહી છે જેના પગલે નાગરિકને મિલકતના કાયદાકીય રક્ષણ મળશે. ભારત સરકારનાં પંચાયતરાજ વિભાગ દ્વારા ગ્રામ્ય વિસ્તારમાં મિલકત ધારકોને પ્રોપર્ટીકાર્ડ આપવાના આશયથી ડ્રોન ટેકનોલોજી દ્વારા સ્વામિત્વ-SVAMITVA(Survey of Villages and Mapping improvised Technology in Village Areas) યોજના જાહેર થયેલ છે. સ્વામિત્વ યોજના અંતર્ગત રાજ્ય ના કુલ ૨૦ જીલ્લાના ૪૧૫ ગામોમાં કુલ ૬૪,૦૨૯ વડાપ્રધાનશ્રી હસ્તે ઈ-વિતરણ કરવામાં આવનાર છે. મહેસાણા માં બેચરાજી તાલુકામાં રણેલા માં આજે ૪૨૩ પ્રોપર્ટીકાર્ડ લાભાર્થીઓને વિતરણ કરાશે.

જિલ્લા વિકાસ અધિકારીશ્રી ડો.હસરત જૈસ્મીને સ્વાગત પ્રવચન કર્યું હતું તેમજ સ્વામિત્વ પ્રોપર્ટી કાર્ડ યોજનાનું મહત્વ સમજાવ્યું હતું કે મહેસાણા જીલ્લામાં સ્વામિત્વ યોજના અંતર્ગત અત્રેના જીલ્લામાં કુલ ૫૪૦ ગામોનો સમાવેશ કરવામાં આવેલ છે. કુલ ૫૪૦ ગામો પૈકી ૨૮૧ ગામોમાં પ્રમોલગેશન કામગીરી પૂર્ણ કરી ૨૮૧ ગામોમાં ૭૪૨૩૭ પ્રોપર્ટીકાર્ડ લાભાર્થીઓને પ્રોપર્ટીકાર્ડ વિતરણ કરવામાં આવેલ છે. કાર્યક્રમની આભાર વિધિ રવિરાજ રાજપૂતે કરી હતી. આ કાર્યક્રમમાં આરોગ્ય મંત્રીશ્રી અને સાંસદ શ્રી હરિભાઈ પટેલ સહિત ધારાસભ્યોએ લાભાર્થીઓને સ્વામિત્વ પ્રોપર્ટી કાર્ડનું વિતરણ કર્યું હતું તેમજ વય વંદના અંતર્ગત ૭૦ વર્ષના કંકુબેન સેંધાજીને વય વંદના કાર્ડનું પણ વિતરણ કર્યું હતું.

આ કાર્યક્રમમાં સૌએ સ્વચ્છતા અને નશા વિરોધીના શપથ લીધા હતા તેમજ સ્વામિત્વ યોજના અંગેનું દસ્તાવેજ ચિત્ર પણ નિહાળ્યું હતું. વડાપ્રધાનશ્રી નરેન્દ્ર ભાઈ મોદીના લાઈવ કાર્યક્રમને પણ ગ્રામજનોએ નિહાળ્યો હતો. સ્વામિત્વ યોજના અંતર્ગત વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના અધ્યક્ષ સ્થાને દેશના લગભગ ૫૦ હાજર ગામોમાં ૬૫ લાખ લોકોને પ્રોપર્ટી કાર્ડ વિતરણ અને યોજનાના કાર્ડ ધારકો સાથેના સંવાદ કાર્યક્રમના જીવંત પ્રસારણને ઉપસ્થિત સર્વે નિહાળ્યું હતુ

આ કાર્યક્રમમાં જિલ્લા પંચાયત પ્રમુખશ્રી તૃષાબેન પટેલ, બેચરાજીના ધારાસભ્યશ્રી સુખાજી ઠાકોર, મહેસાણાના ધારાસભ્યશ્રી મુકેશભાઈ પટેલ, ખેરાલુના ધારાસભ્યશ્રી સરદારભાઈ ચૌધરી તેમજ જિલ્લા પંચાયત બાંધકામ સમિતિના ચેરમેન મયુરભાઈ પટેલ, તાલુકા પંચાયત પ્રમુખશ્રી ગીરીશભાઈ પટેલ, જિલ્લા અગ્રણી શ્રી ગીરીશભાઈ રાજગોર, કમલેશભાઈ દેસાઈ ,મહેશભાઈ પટેલ તેમજ કલેકટરશ્રી એમ.નાગરાજન, નિવાસી અધિક કલેકટરશ્રી જે. કે. જેગોડા, નાયબ જિલ્લા વિકાસ અધિકારીશ્રી હર્ષનિધિબેન શાહ તેમજ તાલુકા વિકાસ અધિકારીશ્રી જે.જે. ચૌધરી, મામલતદારશ્રી આર.જે. કાનુડાવાલા, તાલુકા આરોગ્ય અધિકારી શ્રી કૌશિકભાઈ ગજ્જર સહિત જિલ્લા અને બેચરાજી તાલુકા પંચાયતના સંબંધિત અધિકારી સર્વશ્રીઓ સાથે ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

## અંબાજી-આબુરોડ હાઈવે પર મોડી રાત્રે ગમખ્વાર અકસ્માત

# માર્બલ ભરેલું ટ્રેલર ૨૦ ફૂટ ઊંડી નદીમાં ખાબક્યું, ડ્રાઈવરનો આબાદ બચાવ

(ગરવી તાકાત) પાલનપુર તા.૧૮

અંબાજીથી આબુરોડ તરફ જતા હાઈવે પર મોડી રાત્રે એક ગંભીર અકસ્માત સર્જાયો હતો. આંબલીમાર વિસ્તાર પાસે માર્બલના ખંડા ભરેલા ટ્રેલરે સ્ટિયરિંગ પરથી કાબ? ગુમાવતા રોડથી ૨૦ ફૂટ નીચે નદીમાં પલટી મારી હતી. આ અકસ્માતમાં ટ્રેલર ચાલકનો આબાદ બચાવ થયો હતો. બનાસકાંઠા જિલ્લાના દાંતા તાલુકાનો મોટાભાગનો વિસ્તાર પહાડી અને ઢાળવાળો છે. આ વિસ્તારમાં બેફામ વાહન ચાલકો અને પહાડી માર્ગને કારણે વારંવાર અકસ્માતો સર્જાતા રહે છે. યાત્રાધામ અંબાજી જવા-આવવાના તમામ માર્ગો પહાડી વિસ્તારમાંથી પસાર થાય છે, જ્યાં વાહનોના બ્રેક ફેલ થવાના અને



ઓવરલોડિંગના કારણે અકસ્માતો થતા રહે છે. ઘટના સમયે ટ્રેલર અંબાજીથી માર્બલના ખંડા ભરીને રાજસ્થાન તરફ જઈ રહ્યું હતું. આંબલીમાર પાસે અચાનક ડ્રાઈવરે સ્ટીયરિંગ પરથી કાબૂ ગુમાવતા ટ્રેલર સીધું નદીમાં જઈને પડ્યું હતું. આ માર્ગ પર અગાઉ પણ અનેક ગંભીર અકસ્માતો નોંધાઈ ચૂક્યા છે, જે આ વિસ્તારની જોખમી પરિસ્થિતિ દર્શાવે છે.

## બનાસકાંઠા જિલ્લા વિભાજનનો વિરોધ

# અમદાવાદમાં વસતા ધાનેરાના લોકોએ કલેક્ટરને આવેદનપત્ર આપ્યું, ધાનેરાને બનાસકાંઠા જિલ્લામાં જ રાખવા માગણી

(ગરવી તાકાત) પાલનપુર તા.૧૮

બનાસકાંઠા જિલ્લાના વિભાજનને લઈને સ્થાનિક લોકોમાં રોષ વધી રહ્યો છે. આજે અમદાવાદમાં વસવાટ કરતા ધાનેરાના લોકોએ જિલ્લા કલેક્ટર કચેરી ખાતે આવેદનપત્ર આપી વિરોધ નોંધાવ્યો હતો. લોકોની માગણી છે કે, ધાનેરાને બનાસકાંઠા જિલ્લામાં જ રાખવામાં આવે.

સરકાર દ્વારા પ્રસ્તાવિત જિલ્લા વિભાજન યોજના અંતર્ગત ધાનેરાને બનાસકાંઠા જિલ્લામાંથી અલગ કરવાની વાત સામે આવી છે, જેના કારણે સ્થાનિક લોકોમાં નારાજગી જોવા મળી રહી છે.

આવેદનપત્ર આપવા આવેલા લોકોએ 'ધાનેરાને બનાસકાંઠામાં રાખો' જેવા સૂત્રોચ્ચાર કર્યા હતા.



લોકોનું કહેવું છે કે, ધાનેરાનો ઐતિહાસિક, સામાજિક અને આર્થિક રીતે બનાસકાંઠા સાથે ગાઢ નાતો છે. જિલ્લા વિભાજનથી આ સંબંધો પર અસર પડશે અને વહીવટી કામકાજમાં પણ મુશ્કેલીઓ ઊભી થશે.

સ્થાનિક લોકોએ સરકાર સમક્ષ માગણી કરી છે કે તેમની લાગણીઓને ધ્યાનમાં રાખીને નિર્ણય લેવામાં આવે.

# એપીએમસી વિસનગરમાં અઠવાડિયાના છ દિવસ પ્રાકૃતિક ખેતીના તમામ ઉત્પાદનોનું વેચાણ કરાશે

(ગરવી તાકાત) મહેસાણા તા.૧૮

વિસનગર તાલુકા તેમજ આજુબાજુના તાલુકા ના ખેડૂતોને જણાવવાનું કે ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ વિસનગર (ગંજ બજાર) ના ચેરમેન શ્રી પ્રિતેશભાઈ પટેલ, વાઈસ ચેરમેન શ્રી હરેશભાઈ ચૌધરી તથા કારોબારી સભ્યશ્રીઓ તરફથી ખેડૂતો માટે વિસનગર શાકમાર્કેટની બાજુમાં જ એપીએમસી વિસનગર ના ગોડાઉનમાં અઠવાડિયાના છ દિવસ પ્રાકૃતિક ખેતીની તમામ શાકભાજી અને બીજી અનાજ કઠોળની પેદાશોનું વેચાણ કરવાની સંમતિ આપી દેવામાં આવી છે .આ બાબતનું જરૂરી ઉદઘાટન ટૂંક સમયમાં કરવામાં




આવશે પરંતુ તેના આયોજન અને ચર્ચા વિચારણા માટે એક મીટીંગ એપીએમસી ગંજ બજાર વિસનગર ની ઓફિસમાં તા.૨૭-૧-૨૫ સોમવારના રોજ સવારે ૯ કલાકે રાખવામાં આવેલ છે. ખેડૂતોના હિત માટે કામ કરતી એપીએમસીજેટલો આભાર માનીએ તેટલો ઓછો છે એમ

ડી.જે. પટેલ પ્રમુખ ભારતીય કિશાન સંઘ વિસનગર દ્વારા જણાવાયુ છે.

# સાબરકાંઠા જિલ્લા સંકલન અને ફરિયાદ સમિતિની બેઠક યોજાઇ

(ગરવી તાકાત) હિંમતનગર તા.૧૮

સાબરકાંઠા જિલ્લા સંકલન અને ફરીયાદ સમિતિની બેઠક જિલ્લા કલેકટર શ્રી ડો. રતનકંવર ગઢવીચારણની અધ્યક્ષતામાં કલેકટર કચેરી, હિંમતનગર ખાતે યોજાઈ હતી.

હિંમતનગર ધારાસભ્ય શ્રી વી.ડી ઝાલાએ શહેરમાં ઓવર બ્રિજ, ટ્રાફિકની સમસ્યા, નગરપાલીકા વિસ્તારમાં ગટરવ્યવસ્થા, શહેરના રસ્તા, ખેડૂતોના પ્રશ્નો, સિંચાઈ માટે તળાવ ભરવા, હિંમતનગરના કોટલિયા અને મૂછનીપાળ ગામે જવા આવવા માટે રસ્તાના પ્રશ્ન, જનહિતને સ્પર્શતા પ્રશ્નો રજૂ કર્યા હતા. જેનો સંબંધિત અધિકારીઓએ જવાબ આપ્યા હતા.

જિલ્લા કલેક્ટરશ્રી એ અમલીકરણ અધિકારીઓને



એકબીજાના સંકલનમાં રહીને પ્રજાલક્ષી કામો સત્વરે પૂર્ણ કરવા જણાવ્યું હતું. સામાન્ય જનતા દ્વારા પુછાતા પ્રશ્નો ના જવાબ સમય મર્યાદામાં આપવા, કચેરીઓની સફાઇ, આરોગ્ય સેવાઓ અને સરકારી લેણાની વસુલાત અંગેના પ્રશ્નો અંગે ચર્ચા કરી હતી.

આ બેઠકમાં આગામી પ્રજાસત્તાક પર્વની ઉજવણી અંગે વિગતવાર ચર્ચા કરવામાં આવી હતી.

આ બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારી શ્રી હર્ષદ વોરા,જિલ્લા પોલીસ વડા વિજય પટેલ, નિવાસી અધિક કલેકટરશ્રી કે.એ.વાઘેલા, ગ્રામ વિકાસ એજન્સી નિયામક શ્રી પાટીદાર, તમામ પ્રાંતશ્રી સહિત અન્ય અમલીકરણ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## સંક્ષિપ્ત સમાચાર

### થરાદની રાજેશ્વર આદર્શ ઉ.મા. શાળાની વિદ્યાર્થીનીઓ ઝળકી



(ગરવી તાકાત) વાવ તા.૧૮

સરકારી અનુપમ પ્રાથમિક શાળા સરાલ તા - ધાનેરા મુકામે ખેલમહાકુભ ૨૦૨૫ અંતર્ગત જિલ્લા કક્ષાની કબડ્ડીની સ્પર્ધા યોજવામાં આવી જેમાં બનાસકાંઠા જિલ્લાનીં-૧૭ૅ-૧૪ અને ઓપનવય જૂથ વિભાગની તાલુકામાંથી પ્રથમ અને દ્વિતિય નંબર લાવેલ ટીમોએ ભાગ લીધેલ જેમાં થરાદ તાલુકાની રાજેશ્વર આદર્શ ઉચ્ચતર માધ્યમિક વિદ્યાલયની બહેનોનીં-૧૭ ની ટીમ ચેમ્પિયન બનેલ છે જે બદલ સરકારશ્રી તરફથી તમામ ખેલાડીને ૩૦૦૦ લેખે ૩૬,૦૦૦/- ઈનામ પ્રાપ્ત કરેલ છે જે બદલ શાળા ના વ્યાયામ શિક્ષક અને ટીમ ના કોચ શ્રી જી ડી જોષી તથા તમામ ખેલાડી બહેનોને શાળા ના પ્રમુખશ્રી માવજીભાઈ પટેલ તેમજ શાળા ના આચાર્ય શ્રી વી બી પટેલે દ્વારા અભિનંદન પાઠવવામાં આવેલ અને આગળ રાજ્યકક્ષા માટે શુભેચ્છા પાઠવવામાં આવી હતી.

### પરીક્ષા પે ચર્ચા ૨૦૨૫ના ગ્રુપ ડિસ્કશન સેશનમાં સાબરકાંઠાની પૂર્વા ગઢવીનું સિલેશન થયુ

(ગરવી તાકાત) હિંમતનગર તા.૧૮

વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના સીધા માર્ગદર્શન હેઠળ શિક્ષણ મંત્રાલય ભારત સરકારનો શાળાકીય શિક્ષણ અને સાક્ષરતા વિભાગ દર વર્ષે પરીક્ષા સંદર્ભે અનોખી પહેલ સમાન ઈન્ટરેકટીવ કાર્યકમ ''પરીક્ષા પે ચર્ચા''નું છેલ્લા સાત વર્ષોથી સફળ આયોજન કરવામાં આવે છે.આ કાર્યકમની



આઠમી કડી ''પરીક્ષા પે ચર્ચા-૨૦૨૫'' આગામી સમયમાં યોજાનાર છે.જેમાં સાબરકાંઠા જિલ્લાની ફેઈથ હાઈસ્કૂલ, હિમતનગર શાળાની ધોરણ-૧૧ની વિધાર્થીની પૂર્વા અમરદીપ ગઢવીની પસંદગી થઈ છે.

આ કાર્યક્રમ અંતર્ગત કુલ ૦૭ પ્રકારની થીમ પર ધોરણ-૦૯ થી ૧૨ ના ૫૦ વિધાર્થીઓ પ્રત્યક્ષ રીતે પેનલ ડિસ્કશન સેશનમાં ભાગ લે છે અને આ વિધાર્થીઓની પસંદગી રાજ્યને ફાળવવામાં આવેલ ક્વોટા મુજબ કરવામાં આવે છે. આ સંપૂર્ણ ચર્ચા તમામ પ્રકારના ડીજીટલ પ્લેટફોર્મ પર ભારતની અંદર અને વિદેશોમાં આપણા દુતાવાસો દ્વારા સમગ્ર વિશ્વમાં પ્રસારિત કરવામાં આવે છે.

આ માટે શરૂ વર્ષે ''પરીક્ષા પે ચર્ચા'' કાર્યક્રમની ''મેનેજીંગ એક્સ્પેકટેશનઃ રીલ વેઝ રીયલ'' ( સ્છદ્રછૈંદ્ગય્ ઈઠંઈઝ્રૈંદ્ગઃ ઈઈઈ- ફજી ઈઈછ-) નામની થીમ પર ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,ગાંધીનગર દ્વારા સાબરકાંઠા જિલ્લાની ફેઈથ હાઈસ્કૂલ, હિમતનગર શાળાની ધોરણ-૧૧ ની વિધાર્થીની પૂર્વા અમરદીપ ગઢવીની પસંદગી થઈ છે. અત્રે ઉલ્લેખનીય છે કે સમગ્ર ગુજરાત રાજ્યના કુલ ૧૧ વિધ્યાર્થીઓની પસંદગી થઈ છે. જેમાં રીલ વેઝ રીયલ'' થીમ પર પૂર્વા અમરદીપ ગઢવીની પસંદગી થઈ છે.વિધાર્થીની પૂર્વા અમરદીપ ગઢવી તારીખ ૧૭ જાન્યુઆરી ૨૦૨૫ના રોજ મુંબઈ મુકામે યોજાનાર દેશભરમાંથી પસંદ થયેલ વિધાર્થીઓ સાથે પેનલ ડિસ્કશનમાં ભાગ લેનાર છે. આ અનેરી સિદ્ધિ રાજ્ય અને શિક્ષણ વિભાગ તેમજ સાબરકાંઠા માટે ગૌરવપૂર્ણ બાબત છે.આ સિદ્ધિ આવનારા સમયમાં અન્ય વિધાર્થીઓને પણ રાષ્ટ્ર સ્તરે પોતાની શાળાનું અને રાજ્યનું નામ રોશન કરવા પ્રોત્સાહિત કરશે.

### સાબરકાંઠામાં ૨૬ કેન્દ્ર પર ૭૩૬૭ વિદ્યાર્થી આપશે પરીક્ષા, ૩૩૭ સુપરવાઈઝર રહેશે હાજર



(ગરવી તાકાત) હિંમતનગર તા.૧૮

સાબરકાંઠા જિલ્લામાં શનિવારે જવાહર નવોદય વિદ્યાલયની ધોરણ-૬માં પ્રવેશ માટેની પરીક્ષા યોજાઈ રહી છે. જિલ્લાના ૮ તાલુકાના કુલ ૨૬ કેન્દ્ર પર ૭૩૬૭ વિદ્યાર્થી પરીક્ષા આપશે. સવારે ૧૦:૩૦ કલાકે વિદ્યાર્થીઓને કેન્દ્રોમાં પ્રવેશ આપવામાં આવ્યો છે અને ૧૧:૩૦થી ૧:૩૦ દરમિયાન ૧૦૦ માર્ક્સનું પેપર લેવાશે.જિલ્લા શિક્ષણાધિકારી મીતાબેન ગઢવીના જણાવ્યા અનુસાર, તલોદમાં ૩, પ્રાંતિજમાં ૩, હિંમતનગરમાં ૭, ઈડરમાં ૬, વડાલીમાં ૨, વિજયનગરમાં ૨, ખેડબ્રહ્મામાં ૨ અને પોશીનામાં ૧ કેન્દ્ર પર પરીક્ષા યોજાશે. પરીક્ષાની વ્યવસ્થા માટે ૩૩૭ સુપરવાઈઝર, ૨૬ સેન્ટર સુપ્રિટેન્ડન્ટ, ૩૫ સેન્ટ્રલ લેવલ ઓબ્ઝર્વર, 8 TPO ઓબ્ઝર્વર, DLO અને DO ફરજ બજાવશે. દરેક કેન્દ્ર પર પોલીસ બંદોબસ્ત પણ ગોઠવવામાં આવ્યો છે.પરીક્ષાના પેપર હિંમતનગર RTO સર્કલ પાસેની સ્કૂલમાંથી ત્રણ તાલુકા માટે અને ઈડરની સ્કૂલમાંથી પાંચ તાલુકા માટે કેન્દ્રો પર પહોંચાડવામાં આવ્યા છે. પરીક્ષા પૂર્ણ થયા બાદ તમામ ઉત્તરવહીઓ ઈડરના વીરપુર ગામે આવેલા જવાહર નવોદય વિદ્યાલયના રીસીવિંગ સેન્ટર ખાતે જમા કરાવવામાં આવશે.

Volume : 10 Issue : 288 Owner, Publishers, Printer & Editor : Prakashbhai R. Chaudhary, At: 5, Sarsavati Society, Nagalpur Highway Road, Mehsana- (N.G) 384002
Place Of Publication : 9, Ambica Complex, S.T. Work Shop Road Near Bhamriya Nala, Didtrict Mehsana • Printed at : GARVI TAKAT OFFSET-5, Ambika Complex, T.B. Road, Mehsana- 384002